dailyhunt संजोग न्यूझ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 80 | AD - 2025, Paush Sud - 03 | Tuesday, Dt. 23-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### દેશમાં યુનુસ સરકારે ઉગ્રવાદીઓને મંત્રીમંડળમાં સમાવ્યા, આતંકવાદીઓને મુક્ત કર્યા : પૂર્વ પીએમ શેખ હસીના

# બાંગ્લાદેશમાં હજુ પણ હિંસા ચાલુ, હિન્દુઓને નિશાન બનાવાયા

ઢાકા,તા.૨૨

શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ બાંગ્લાદેશમાં અશાંતિ સતત ચાલુ છે. બાંગ્લાદેશ પોલીસે હાદીના હત્યારાઓ અંગે એક મુખ્ય અપડેટ આપ્યું છે. પોલીસ કહે છે કે હાલમાં તેમની પાસે મુખ્ય શંકાસ્પદના ઠેકાણા વિશે કોઈ માહિતી નથી. ઈન્કિલાબ મંચ દ્વારા વચગાળાની સરકારને અલ્ટીમેટમ આપ્યા બાદ આ પોલીસ નિવેદન આવ્યું છે. બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ ભારતના પૂર્વોત્તર અને ચિકન નેક પર બોલતા કહ્યું, "આવા નિવેદનો ખતરનાક અને બેજવાબદાર છે, જે યુનુસના શાસનકાળમાં પ્રભાવ મેળવનારા આતંકવાદી તત્વોને પ્રતિબિંબિત કરે છે. કોઈ પણ ગંભીર નેતા એવા પાડોશીને ધમકી નહીં આપે જેના પર બાંગ્લાદેશ વેપાર, પરિવહન અને પ્રાદેશિક સ્થિરતા માટે નિર્ભર છે." શેખ હસીનાએ ઈસ્લામિક પ્રભાવ અને સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી અને કહ્યું, "યુનુસે ઉગ્રવાદીઓને મંત્રીમંડળમાં સ્થાન આપ્યું છે, દોષિત આતંકવાદીઓને જેલમાંથી મુક્ત કર્યા છે અને આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા જૂથોને જાહેર જીવનમાં ભૂમિકા ભજવવાની મંજૂરી આપી છે. તે રાજકારણી નથી અને તેમને મુશ્કેલ દેશનું સંચાલન કરવાનો કોઈ અનુભવ નથી." બાંગ્લાદેશમાં હિન્દુ યુવાન દીપુ ચંદ્ર દાસને જીવતા સળગાવી દેવા સામે હિન્દુઓ



સતત પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે. હિન્દુ સમુદાયના સભ્યો ઢાકાના ઢાકેશ્વરી મંદિરમાં ભેગા થયા હતા અને આ ઘટના માટે સરકારની ટીકા કરી હતી. લોકોએ આ પ્રસંગે દીપુ ચંદ્ર દાસને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. બાંગ્લાદેશમાં ઉસ્માન હાદીના મૃત્યુ બાદ, જમાત-એ-ઈસ્લામીના ઉગ્રવાદીઓ ફરી એકવાર સક્રિય થયા છે. ઉગ્રવાદીઓ હિન્દુ સમુદાયના સભ્યોને નિશાન બનાવી રહ્યા છે. પશ્ચિમ બાંગ્લાદેશના ઝેનૈદાહ જિલ્લામાં ઉગ્રવાદીઓ દ્વારા એક વ્યક્તિ પર હુમલો કરવામાં આવ્યો હતો. એવો આરોપ છે કે કટ્ટરવાદીઓએ ગોવિંદ બિશ્વાસના હાથમાં પવિત્ર દોરો જોઈને તેને નિશાન બનાવ્યો હતો. તેમના મૃત્યુ પછી, ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના સામે હિંસક વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરનાર વિદ્યાર્થી નેતા ઉસ્માન હાદી, બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા અને બંગબંધુ શેખ મુજીબુર રહેમાન કરતા પણ મોટા થઈ ગયા છે. ઢાકા યુનિવર્સિટીના બંગબંધુ શેખ મુજીબુર રહેમાન હોલનું નામ બદલીને શહીદ શરીફ ઉસ્માન હાદી હોલ રાખવામાં આવ્યું છે. બાંગ્લાદેશ પોલીસે જણાવ્યું છે કે સંબંધિત એજન્સીઓ અને ગુપ્તચર એજન્સીઓ હાદીના હત્યારા ફૈઝલ કરીમ મસૂદને શોધવા માટે સંપૂર્ણ તાકાતથી કામ કરી રહી છે. "અમારી પાસે ફૈઝલના છેલ્લા જાણીતા ઠેકાણા વિશે કોઈ નક્કર કે ચોક્કસ માહિતી નથી. પોલીસ દળ અને ગુપ્તચર એજન્સીઓ આ જાણવા માટે અથાક મહેનત કરી રહી છે," તેમણે ઉમેર્યું હતું કે શંકાસ્પદ દેશ છોડીને ભાગી ગયો હોય તેવી કોઈ વિશ્વસનીય માહિતી નથી. શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ, બાંગ્લાદેશના ઘણા વિસ્તારોમાં વ્યાપક હિંસક વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

### ભારતીય નિકાસકારોને ન્યુઝીલેન્ડના બજારોમાં શૂન્ય ડ્યુટી સાથે સીધો પ્રવેશ મળશે

# ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વ્યાપારની સમજૂતી

ન્યુ દિલ્હી,તા.૨૨

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના આર્થિક સંબંધોમાં એક ઐતિહાસિક વળાંક આવ્યો છે. બંને દેશો વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એટલે કે મુક્ત વ્યાપાર સમજૂતી પરની વાતચીત સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ છે. ન્યુઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સને સોમવારે આ અંગે સત્તાવાર જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, 'આ સમજૂતી બાદ ન્યુઝીલેન્ડ તેના ૧૦૦ ટકા ટેરિફ લાઈન પર ટેક્સ ખતમ કરી દેશે, જેનાથી ભારતીય નિકાસકારોને ન્યુઝીલેન્ડના બજારોમાં શૂન્ય ડ્યુટી સાથે સીધો પ્રવેશ મળશે.' પીએમ લક્સને વડાપ્રધાન મોદી સાથે વાતચીત કર્યા બાદ સોશિયલ મીડિયા પર ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે, 'આ સમજૂતી કીવી વ્યવસાયોને ભારતની ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાનો લાભ અપાવશે અને તેનાથી ૧.૪ અબજ ભારતીય ગ્રાહકો સુધી તેમની પહોંચ વધશે. અંદાજ છે કે આગામી બે દાયકામાં ન્યુઝીલેન્ડની ભારત ખાતેની નિકાસ વાર્ષિક ૧.૧ બિલિયન ડોલરથી વધીને ૧.૩ બિલિયન ડૉલર થઈ શકે છે. આ મહત્ત્વપૂર્ણ સમજૂતીની સત્તાવાર શરુઆત ૧૬ માર્ચ, ૨૦૨૫ના રોજ



કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને ન્યુઝીલેન્ડના વ્યાપાર મંત્રી ટોડ મેક્લે વચ્ચેની બેઠકથી થઈ હતી. માત્ર પાંચ રાઉન્ડની ઔપચારિક ચર્ચા અને અનેક વર્ચ્યુઅલ બેઠકો બાદ તેને અંતિમ ઓપ આપવામાં આવ્યો છે. આ સમજૂતી હેઠળ ભારતે પણ ઉદારતા દાખવી ન્યુઝીલેન્ડ માટે ૭૦ ટકા લાઈન પર ટેરિફમાં છૂટછાટની ઓફર કરી છે. હાલમાં ભારતનો ન્યુઝીલેન્ડમાં સરેરાશ આયાત ટેક્સ ૨.૩ ટકા છે, જ્યારે ભારતનો ટેક્સ ૧૭.૮ ટકા જેટલો ઊંચો છે, જે હવે આ સંધિ બાદ ઘટશે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં બંને દેશો વચ્ચે ૧.૩ બિલિયન ડોલરનો વેપાર થયો હતો, જેમાં ભારતે ૭૧૧.૧ મિલિયન ડોલરની નિકાસ કરી હતી. વ્યાપારિક દ્રષ્ટિએ જોઈએ તો, ભારત મુખ્યત્વે ન્યુઝીલેન્ડને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ, ટેક્સટાઈલ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને મશીનરીની નિકાસ કરે છે. ખાસ કરીને એટીએફ અને કાપડ ઉદ્યોગનો ફાળો આ નિકાસમાં મોટો રહ્યો છે. બીજી તરફ, ન્યુઝીલેન્ડથી ભારતમાં મોટાભાગે કાચો માલ અને કૃષિ ઉત્પાદનોની આયાત થાય છે, જેમાં લાકડાની વસ્તુઓ, લાકડાનો માવો(પલ્પ), સ્ટીલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ સ્ક્રેપ મુખ્ય છે.









# નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા-રાહુલ ગાંધીને દિલ્હી હાઈકોર્ટે નોટિસ ફટકારી



ન્યૂ દિલ્હી,તા.૨૨

નેશનલ હેરાલ્ડ કેસમાં દિલ્હી હાઈકોર્ટે કોંગ્રેસ નેતાઓ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને નોટિસ ફટકારી છે. EDએ આ કેસમાં ચાર્જશીટ દાખલ કરી હતી, પરંતુ રાઉઝ એવન્યુ કોર્ટે ધ્યાન આપવાનો ઈનકાર કર્યો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રાઉઝ એવન્યુ કોર્ટના નિર્ણયને પડકારતી દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી અને દિલ્હી હાઈકોર્ટે હવે આ કેસમાં તમામ આરોપીઓને નોટિસ ફટકારી છે. દિલ્હી હાઈકોર્ટે ઈડીની અરજી પર સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સહિત સાત આરોપીઓને નોટિસ ફટકારી છે.







02

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

મંગળવાર, તા.૨૩-૧૨-૨૦૨૫

# સાવરકુંડલામાં મહુવા રોડ પર પતંગના સ્ટોલમાં સતત બીજા દિવસે ચોરી, પેટ્રોલિંગના અભાવે શહેરીજનો ત્રસ્ત

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલા શહેરમાં ચોરીનું દૂષણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે, જે પોલીસ તંત્ર માટે એક પડકાર સમાન બની ગયું છે. મહુવા રોડ પર આવેલા લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે પતંગના સ્ટોલમાંથી સતત બે દિવસ ચોરીની ઘટનાઓ સામે આવી છે. નાવલી પોલીસ ચોકી નજીક હોવા છતાં તસ્કરો બેફામ બન્યા છે અને અગાઉ નાવલી બજારમાં થયેલી ચોરીઓ બાદ પણ પેટ્રોલિંગ ન વધારતા વેપારીઓ અને શહેરીજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ બનાવની વિગતો મુજબ, મહુવા રોડ પર આવેલ લોહાણા વિદ્યાર્થી ભવનમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખના પુત્રએ પતંગનો સ્ટોલ કરેલો છે. ત્યાંથી રવિવારે આશરે ૧૫ હજાર રૂપિયાની કિંમતની દોરી અને ફીરકીની ચોરી થઈ હતી. આ બાબતની જાણ પોલીસને કરવામાં આવી હતી, તેમ છતાં આજે સોમવારે તે જ સ્ટોલ અને તે જ સ્થળેથી ફરી પતંગની ચોરી થઈ હતી. ચિંતાજનક બાબત એ છે કે નાવલી પોલીસ ચોકીની તદન નજીક આવેલ આ લોહાણા વિદ્યાર્થી ભવનમાં સતત બીજા દિવસે પોલીસને જાણ કરવા છતાં પણ ચોરી થઈ રહી છે. થોડા દિવસો પહેલા સાવરકુંડલાની નાવલી બજારમાંથી પણ ચોરીની ઘટનાઓ સામે આવી હતી અને નાવલી બજારના પાલાઓમાંથી નાની-નાની ચોરીઓ થતી હતી. આ બાબતે પાલાના એસોસિએશન અને વેપારીઓએ પોલીસને પેટ્રોલિંગ વધારવા માટે લેખિતમાં જાણ કરી હતી. છતાં પણ શહેરમાં અનેક ચોરીની એવી ઘટનાઓ છે જે આજે પણ અનડિટેક્ટ છે. ત્યારે શહેર પોલીસ જાગૃત બની પેટ્રોલિંગ વધારે અને થઈ રહેલી ચોરીઓનો ઉકેલ લાવે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

# અમરેલીની ઓક્સફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે RBSK ટીમ દ્વારા નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાયો: વિદ્યાર્થીઓને ફ્રી ચશ્મા અપાશે

અમરેલી, તા.૨૨



શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) અંતર્ગત અમરેલી તાલુકા ટીમ દ્વારા ઓક્સફોર્ડ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે નેત્ર ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિદ્યાર્થીઓની આંખની તપાસ કરવામાં આવી હતી અને જેમને નંબર હોય તેમને આગામી સમયમાં વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરવામાં આવશે. શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે. અમરેલી તાલુકાની RBSK ટીમના એમ.ઓ. ડૉ. તુષાર કથીરીયા, ડૉ. વસીમ ભટ્ટી, ઉર્વશી સોલંકી, દર્શના ગરેજા, ઓપ્થલમિક તુષાર ચૌધરી, ઓપ્થલમિક હાર્દિક પટેલ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. આ આયોજનમાં સંચાલક પી.ટી. વામજાના સહયોગથી ઓક્સફોર્ડ સ્કૂલ ખાતે આંખની તપાસ અને નંબરની ચકાસણી કરવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓને આંખના નંબર હોવાનું નિદાન થયું છે, તે તમામ વિદ્યાર્થીઓને ૨ થી ૩ અઠવાડિયામાં વિનામૂલ્યે ચશ્માનું વિતરણ કરવામાં આવશે.

# આદર્શ માધ્યમિક શાળા-તોરી ખાતે વિદ્યાર્થીઓ દ્વારા આનંદમેળાનું આયોજન

તોરી, તા.૨૨


તસવીર : વિનુભાઈ કોટડીયા

આદર્શ માધ્યમિક શાળા-તોરીના વિદ્યાર્થીઓ દ્વારા આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આનંદમેળામાં વિદ્યાર્થીઓ દ્વારા અનેક ચટપટી વાનગીઓના તથા ઠંડા શરબતના સ્ટોલ બનાવવામાં આવ્યા હતા, જેનો તમામ મુલાકાતીઓએ આનંદ માણ્યો હતો. આ આનંદમેળાની મુલાકાત લેવા માટે તોરી ઉપરાંત રામપુર, અરજણસુખ, ખીચડિયા અને સૂર્યપ્રતાપગઢ વગેરે ગામોની પ્રાથમિક શાળાના બાળકો આવ્યા હતા. આસપાસના વિસ્તારના બાળકોની ઉપસ્થિતિથી મેળામાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગામના સરપંચ તથા શાળાના આચાર્ય અને શિક્ષકગણનો અમૂલ્ય ફાળો રહ્યો હતો. તેમના માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની મહેનતથી આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

**યુનિવર્સિટી કક્ષાએ ચેમ્પિયન બનતી મહિલા ટીમ, આગામી ૨૩ ડિસેમ્બરથી વેસ્ટઝોનમાં ૬ ખેલાડીઓ પ્રતિનિધિત્વ કરશે**

# શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસનો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હોકી રમતમાં દબદબો

અમરેલી, તા.૨૨



તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે એસ્ટ્રોટર્ફ મેદાનમાં મહિલા હોકી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં આવેલી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ યુનિવર્સિટી કક્ષાએ ચેમ્પિયન બની છે. આ શાનદાર પ્રદર્શન બાદ આગામી તા. ૨૩/૧૨/૨૦૨૫ થી શરૂ થનારી ઓલ ઈન્ડિયા વેસ્ટઝોન મહિલા હોકી સ્પર્ધામાં પણ આ ટીમની ૬ ખેલાડીઓ રમવા જનાર છે, જેઓ ત્યાં પણ સંસ્થાનું પ્રતિનિધિત્વ કરશે. આ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે સંસ્થાનાં મંત્રી ચતુરભાઈ ખુંટ, નિયામક સી.પી. ગોંડલીયા, એમ.કે. સાવલિયા અને કોલેજ કક્ષાના નિયામક ડો. ગીરીશભાઈ ભીમાણીએ રૂબરૂ મુલાકાત લીધી હતી. ભણતર અને ખેલકૂદમાં ગુજરાતનું યુવાધન આગળ વધે તે માટે સતત પ્રયત્નશીલ રહેતા સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ સર્વોને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, વ્યક્તિના વિકાસમાં રમતગમતનો બહુ જ મોટો ફાળો હોય છે. તેમણે સમગ્ર કેમ્પસમાં ચાલતી તમામ શાળા-કોલેજમાં ખેલકૂદ માટે જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવાની તૈયારી દર્શાવી હતી. તમામ ખેલાડીઓએ પ્રમુખ વસંતભાઈ ગજેરાની અભ્યાસ અને ખેલકૂદ પ્રત્યેની ભાવનાને જાણી અભિનંદન આપી આશીર્વાદ લીધા હતા.

# વડીયા સ્વામિનારાયણ દિવ્યધામ ખાતે ભવ્ય શાકોત્સવ અને સત્સંગ સભા યોજાઈ

વડીયા, તા.૨૨



વડીયાના સુરવો નદી કિનારે આવેલા સ્વામિનારાયણ દિવ્યધામ ખાતે શાકોત્સવ અને સત્સંગ સભાનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં વડીયા સ્વામિનારાયણ મંદિરના આનંદસ્વરૂપ સ્વામીએ પોતાના મધુર કંઠે દિવ્ય સત્સંગ સભામાં ધાર્મિક પ્રસંગોનું વર્ણન કરી ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે રાજ્ય કક્ષાના ઉર્જા, પેટ્રોકેમિકલ અને સંસદીય બાબતોના મંત્રી કૌશિકભાઈ વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પણ સામાન્ય હરિભક્તોની જેમ સત્સંગ સભામાં બેસીને ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાનો લાભ લીધો હતો.

# લાઠીના નીલકંઠ મહાદેવ મંદિરના જીર્ણોદ્ધારનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

અમરેલી,તા.૨૨



લાઠી સ્થિત પૌરાણિક નીલકંઠ મહાદેવ મંદિરના જીર્ણોદ્ધારનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. શંકર પરિવારના મુખ્ય દાતાપદે આ નૂતન નિર્માણ થશે. ઉદ્યોગપતિ ઘનશ્યામ શંકર અને મનજીભાઈ રૂડાભાઈ શંકર પરિવારે આ કાર્ય માટે દાન આપ્યું છે. વહેલી સવારથી ભૂમિપૂજન અને વિદ્વાન ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર સાથે વિધિ કરવામાં આવી હતી.

# સા.કુંડલાના મેરીયાણા ગામે દિવ્ય શાકોત્સવ સંપન્ન

અમરેલી, તા.૨૨



સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે ગત તારીખ ૨૦/૧૨/૨૫ ને શનિવારના રોજ ભવ્ય અને દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ધર્મકુળ અને ગઢપુર પ્રદેશના સંતોના સાનિધ્યમાં યોજાયેલા આ મહોત્સવમાં આસપાસના ૩૦ ગામોમાંથી આશરે ૨૫૦૦ જેટલા હરિભક્તોએ ઉમટી પડીને સત્સંગ અને પ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ, શાસ્ત્રી ઘનશ્યામ વલ્લભસ્વામી તેમજ છપૈયા સ્વામી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ દિવ્ય શાકોત્સવના મુખ્ય યજમાન તરીકે ગોવિંદભાઈ મગનભાઈ ખાત્રાણી રહ્યા હતા, જેમણે ૫૧૦૦૦ રૂપિયાનું અનુદાન આપ્યું હતું. આ ઉપરાંત મેરીયાણા ગામ તેમજ આજુબાજુના વિસ્તારના હરિભક્તોએ પણ પોતાની યથાશક્તિ મુજબ દાન આપી સેવામાં સહયોગ નોંધાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે હરિભકતોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સા.કુંડલામાં ગુજરાતી સાહિત્ય પરિષદનું ઉપમું જ્ઞાનસત્ર સંપન્ન

સા.કુંડલા, તા.૨૨



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા ખાતે યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપમા જ્ઞાનસત્રનું રવિવારે, ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ સફળતાપૂર્વક સમાપન થયું હતું. જ્ઞાનસત્રના ત્રીજા અને અંતિમ દિવસે યોજાયેલી બેઠકમાં સ્થાનિક સર્જકોના સાહિત્યિક પ્રદાન પર વિદ્વાનોએ ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી અને પરિષદ પ્રમુખે આવતા વર્ષે ફરી મળવાના કોલ સાથે સત્રની પૂર્ણાહુતિ કરી હતી. અંતિમ દિવસે પત્રકાર અને સંશોધક ઉર્વીશ કોઠારીએ સાવરકુંડલામાં શિક્ષક તરીકે સેવા આપનાર રતિલાલ બોરીસાગરના હાસ્ય સાહિત્યની વિશદ છણાવટ કરી હતી. તેમણે બોરીસાગરના પુસ્તકોને આધાર બનાવીને વિવિધ આવૃત્તિઓ વચ્ચેના ભેદને ઉદાહરણ સહિત સમજાવ્યા હતા. ત્યારબાદ પ્રાધ્યાપક કેસર મકવાણાએ વંડા ગામમાં શિક્ષક રહેલા નાનાભાઈ જેબલિયાની ઐતિહાસિક વાર્તાઓના લેખનને વિભિન્ન આયામો સાથે રજૂ કર્યું હતું. આ ઉપરાંત, સુરતના તબીબ અને ગઝલકાર વિવેક ટેલરે સાવરકુંડલાના રહીશ કવિ ભરત વિંઝુડાના શબ્દકર્મની છણાવટ કરી હતી. આ બેઠકના સંકલનકાર તરીકે પ્રોફેસર જયંત ડાંગોદરા રહ્યા હતા અને મનસુખ સલ્લાએ અધ્યક્ષપદ સંભાળ્યું હતું. બેઠકની મધ્યમાં રતિલાલ બોરીસાગરે પોતાના વતનમાં યોજાયેલા અને સંપન્ન થયેલા આ જ્ઞાનસત્ર અંગે પોતાના મનોભાવ વ્યક્ત કર્યા હતા.

# સા.કુંડલાની દીકરીઓની કમાલ : ભણતર સાથે 'ઓર્ગેનિક સ્ટાર્ટઅપ' શરૂ કરી સ્વાવલંબન તરફ માંડ્યા ડગ

સાવરકુંડલા, તા.૨૨



સાવરકુંડલાની કપોળ કન્યા છાત્રાલય દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. સંસ્થાની દીકરીઓએ 'અર્ન વિથ લર્ન' પ્રોજેક્ટ અંતર્ગત પોતાનું આગવું ઓર્ગેનિક સ્ટાર્ટઅપ શરૂ કરીને સમાજ સામે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આજના કેમિકલયુક્ત અને ફાસ્ટ ફૂડના જમાનામાં લોકોને શુદ્ધ, સાત્વિક અને ઓર્ગેનિક આહાર મળી રહે તેવો દીકરીઓનો નિર્ધાર છે. આ સ્ટાર્ટઅપની વિશેષતા એ છે કે અહીં પીરસવામાં આવતી તમામ વાનગીઓ દીકરીઓ દ્વારા જ સ્વહસ્તે તૈયાર કરવામાં આવે છે. આ ઓર્ગેનિક સ્ટોલ દર શનિવાર અને રવિવાર દરમિયાન કાર્યરત રહે છે. જેમાં ખજૂર-ડ્રાયફ્રૂટ્સ યુક્ત ગરમ દૂધ, ઓર્ગેનિક વેજીટેબલ સૂપ, કઠોળની ભેળ, રવા બર્ગર અને આયુર્વેદિક કાવો જેવી પૌષ્ટિક વાનગીઓ પીરસવામાં આવે છે. આ સમગ્ર સાહસ ' નહીં નફો, નહીં નુકસાન' ના સિદ્ધાંત પર ચાલે છે. દરેક વાનગીની કિંમત માત્ર ૨૦ રૂપિયા રાખવામાં આવી છે.









### રાજ્યના કાયદો અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ હસ્તે

# અમરેલીના વિવિધ વિસ્તારોમાં રૂ. ૧૦૧ લાખના વિકાસકાર્યોનો પ્રારંભ

અમરેલી,તા.૨૨


અમરેલી શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૫–૨૬ અંતર્ગત 'વિકાસ યજ્ઞ' કાર્યક્રમનું આયોજન ઉર્જા, કાયદો-ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી, કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાં હાથ ધરાનાર વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, પી.પી. સોજિત્રાની સહ ઉપસ્થિતિમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં રૂ. ૧૦૧ લાખના વિકાસકાર્યોનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે તમામ કામો સમયમર્યાદામાં અને ગુણવત્તાયુક્ત થાય તે સુનિશ્ચિત કરવા માટે રાજ્યમંત્રીએ સૂચના આપી હતી.



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ શહેરી વિસ્તારોમાં સુવિધાઓનો વ્યાપ વધારવા તથા નાગરિકોને ઉત્તમ જીવન સુવિધાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. 'વિકાસ યજ્ઞ' કાર્યક્રમ અંતર્ગત અમરેલી શહેરમાં માર્ગ વિકાસ, સ્ટ્રીટ લાઈટિંગ, ફુટપાથ, બાગ-બગીચા, ડ્રેનેજ અને શહેરી સૌંદર્યકરણ જેવા વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. યોજનામાં અંદાજે રૂ. ૧૦૧ લાખના ખર્ચે અમરેલી શહેરના વોર્ડ નં. ૫ (લીલીયા રોડ વિસ્તાર) તથા વોર્ડ નં. ૧૧ (સાવરકુંડલા રોડ વિસ્તાર) સહિત અન્ય વિસ્તારોમાં વિકાસકાર્યો કરવામાં આવશે. આ વિકાસકાર્યો પૂર્ણ થતાં શહેરના આંતરિક માર્ગો વધુ સુરક્ષિત અને સુવ્યવસ્થિત બનશે, રાત્રિ સમયે સ્ટ્રીટ લાઈટિંગથી સલામતી વધશે તેમજ હરિયાળી અને સુંદર લૅન્ડસ્કેપિંગથી શહેરનું સૌંદર્ય વધશે. આ કાર્યક્રમમાં વિવિધ વોર્ડના સદસ્યો, પાલિકાના ચીફ ઓફિસર રાઠોડ, અગ્રણી અતુલભાઈ કાનાણી, મેહુલભાઈ ધોરાજીયા, વિજયભાઈ ચોટલીયા સહિત શહેરના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## સા.કુંડલા બ્રાંચ શાળા નં. ૬ની બાળાનું ભજન-લોકગીતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

સાવરકુંડલા,તા.૨૨




અમરેલી મુકામે યોજાયેલ જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં બ્રાંચ શાળા નં.૬ની ધોરણ ૫ની વિદ્યાર્થિની યશ્વી કલ્પેશભાઈ સોજીત્રાએ ભજન અને લોકગીત બંનેમાં નંબર પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

યશ્વીએ ભજન સ્પર્ધામાં પ્રથમ અને લોકગીત સ્પર્ધામાં તૃતીય નંબર મેળવ્યો છે. નાનપણથી જ સંગીત પ્રત્યે રુચિ ધરાવતી આ બાળાએ ગત વર્ષે પણ રાજ્યકક્ષા સુધી પહોંચીને પોતાની પ્રતિભાનો પરચો આપ્યો હતો. યશ્વીની આ સિદ્ધિ બદલ સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## સા.કુંડલામાં મહુવા રોડ પર રેલવે ફાટક વારંવાર બંધ રહેવાથી લોકોને હાલાકી

**હોસ્પિટલ જતા દર્દીઓની હાલત સૌથી વધુ કફોડી**

અમરેલી,તા.૨૨

સાવરકુંડલા શહેરના મહુવા રોડ પર આવેલ રેલવે ફાટક વાહનચાલકો અને સ્થાનિકો માટે ગંભીર મુશ્કેલીનું કારણ બન્યું છે. પીપાવાવ પોર્ટથી સુરેન્દ્રનગર વચ્ચે દોડતી ૨૦થી



વધુ ગુડ્સ ટ્રેનોના કારણે ફાટક દિવસ દરમિયાન અનેકવાર બંધ રહે છે, જેના કારણે ૧૫ મિનિટ સુધી વાહનવ્યવહાર અટકી જાય છે. APMC, સોસાયટી વિસ્તારો અને લલ્લુભાઈ આરોગ્ય મંદિર હોસ્પિટલ તરફ જતાં હજારો લોકોની અવરજવરથી સ્થિતિ વધુ વણસી જાય છે. ખાસ કરીને દર્દીઓને સમયસર હોસ્પિટલ પહોંચવામાં વિલંબ થતો હોવાની ફરિયાદો વધી રહી છે. સ્થાનિકોએ અનેકવાર રજૂઆતો કરી હોવા છતાં કાયમી ઉકેલ ન આવતા વેપારીઓ, ખેડૂતો અને નાગરિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

## વિદ્યાર્થિનીની સોનાની નથ પરત કરી બગસરાના કંડક્ટરે પ્રમાણિકતા દાખવી

વડીયા,તા.૨૨



વડીયાના અરજણસુખ ગામની વિદ્યાર્થિની રાખસિયા નિતિષાબેનની રૂ. ૯૫૦૦/-ની કિંમતની સોનાની નથ વડીયા-અરજણસુખ બસમાં પડી ગઈ હતી. વિદ્યાર્થિનીએ જાણ કરતા બસના કંડક્ટર જીવરાજભાઈ એચ. મકવાણાએ બસમાં તપાસ કરી નથ શોધી કાઢી હતી. બીજા દિવસે કંડક્ટર જીવરાજભાઈએ વડીયા પોઈન્ટના ટી.સી. વનરાજભાઈ બસીયા અને ડ્રાઈવર દિનેશભાઈ તેરૈયાની હાજરીમાં નથ વિદ્યાર્થિનીને પરત કરી, પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

## સા.કુંડલા રેલવે સ્ટેશન પર મુસાફરોને બેંક લોકરના નિયમો અને અધિકારો વિશે માર્ગદર્શન અપાયું

**મંડળના સભ્યોએ રેલવે સ્ટેશન માસ્તર સહિત ટિકિટ રિઝર્વેશન વિભાગના કર્મીઓની મુલાકાત લીધી**

સાવરકુંડલા, તા. ૨૨



સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા 'ગ્રાહક સુરક્ષા જાગૃતિ સપ્તાહ' નિમિત્તે રેલવે સ્ટેશન ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મંડળના પ્રતિનિધિઓ રમેશભાઈ હીરાણી અને બિપીનભાઈ પાંધીએ પ્લેટફોર્મ ટિકિટ લઈને સ્ટેશન પર આવતા-જતા મુસાફરો, તેમના સ્વજનો અને મિત્રોને ગ્રાહક સુરક્ષા સંબંધિત માહિતીપ્રદ પેમ્પલેટનું વિતરણ કર્યું હતું. આ અભિયાન અંતર્ગત ખાસ કરીને બેંક લોકરના નિયમો અને ગ્રાહકોના અધિકારો વિશે પ્રાથમિક જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત, મંડળના સભ્યોએ રેલવે સ્ટેશન માસ્તર સહિત ટિકિટ વિતરણ અને રિઝર્વેશન વિભાગના કર્મચારીઓની પણ મુલાકાત લઈ તેમને આ જાગૃતિ અભિયાનમાં સહભાગી કર્યા હતા.

## સાવરકુંડલાના ગાધકડા ગામે મેગા હેલ્થ કેમ્પમાં ૨૮૯ દર્દીઓએ લીધો લાભ

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે તા. ૨૧ના રોજ અંબુજા ફાઉન્ડેશન, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (ગાધકડા) અને SOS હોસ્પિટલ (આસરાણા) ના સંયુક્ત ઉપક્રમે ભવ્ય હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં હાડકાં, સ્ત્રી રોગ, દાંત, જનરલ મેડિસિન અને સર્જરી વિભાગના નિષ્ણાત



ડોક્ટરોએ સેવા આપી હતી. કુલ ૨૮૯ દર્દીઓએ નોંધણી કરાવી હતી, જેમાં સૌથી વધુ ૮૫ મહિલાઓએ ગાયનેક વિભાગનો લાભ લીધો હતો. આ કેમ્પમાં ગાધકડા સહિત આસપાસના ૧૧ ગામોના લોકો ઉમટી પડ્યા હતા. કેમ્પ દરમિયાન બીપી, ડાયાબિટીસ અને શરીરના દુઃખાવા જેવી બીમારીઓનું નિદાન કરી મફત દવાઓ આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે અંબુજા ફાઉન્ડેશનની ટીમ, આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર ઉમેદભાઈ ચાંદુ, સરપંચ પાયલબેન કલાણીયા અને સ્થાનિક આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ધારીના પાણીયાદેવ ગામે ઘેટામાં ભેદી રોગ : પશુપાલકોમાં ચિંતા

**પશુપાલન વિભાગે ઘેટાઓને વેક્સિનેશનની ત્વરીત કામગીરી કરી**

અમરેલી,તા.૨૨

ધારી તાલુકાના પાણીયા દેવસ્થાન ગામે ઘેટાંમાં એક અજાણ્યો રોગ જોવા મળતાં પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે. રોગના કારણે ઘેટાંના સ્વાસ્થ્ય પર અસર થતી હોવાની માહિતી મળતા ગામના સરપંચ ચંપુભાઈ વાળાએ તાત્કાલિક પશુપાલન વિભાગનો સંપર્ક કર્યો હતો. સરપંચની રજૂઆત બાદ વિભાગે ઝડપી કાર્યવાહી શરૂ કરી. ધારી પશુપાલન વિભાગના ડોક્ટર ચૌહાણના માર્ગદર્શન હેઠળ પશુ દવાખાનાની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને ગામના તમામ ઘેટાંઓને રક્ષણાત્મક વેક્સિન આપવામાં આવી હતી. સાથે જ રોગનું ચોક્કસ કારણ જાણવા ઘેટાંના બ્લડના નમૂના લઈ અમરેલી લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. વિભાગ દ્વારા પશુપાલકોને સતર્ક રહેવા અને જરૂરી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.


શું તમને સાંભળવાની તકલીફ છે ?
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



ઉત્સવ મીની ઘાણીનું તેલ
શીગતેલ ■ તલ તેલ તે પણ આપની નજર સામે...
ડેમેજ કે પલળ્યા વગરની જ ફક્ત...
G 20 મગફળીને ફોલીને પ્યોર ઘાણીનું તેલ
આપની નજર સામે લાઈવ ભરાવો...
સ્થળ : રાધેશ્યામ બાયપાસ ચોકડી, ફાટક પાસે, અમરેલી.
Mo. 94269 61006 | 98790 56605 | 92659 76525



BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.218/2025

**પ્રતિ,**
શ્રી ઉકાભાઈ મેરામણભાઈ ડાભી,
રહે. મુળદ્વારકા, ગામ-મુળદ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

.....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, મુળદ્વારકા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ ઉકાભાઈ મેરામણભાઈ ડાભી તથા ઘનીબેન ઉકાભાઈ ડાભીના પુત્રી જસીબેન ઉકાભાઈ ડાભીનો જન્મ તારીખ 01/01/1988 ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, મુળદ્વારકા, તાલુકો કોડીનાર સને.-1988 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


સંકુલ CBSE બોર્ડ
ઈન્ટરનેશનલ સ્કૂલ
KG થી ધો. ૧૨
મંજુરી પ્રક્રિયા ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad 161


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.219/2025

**પ્રતિ,**
શ્રી જીવાભાઈ ઉગાભાઈ પરમાર,
રહે. વણકર વાસ, આંબેડકર રોડ, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

.....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ ઉગાભાઈ વિજાભાઈ પરમાર તથા ઉમાબેન ઉગાભાઈ પરમારના પુત્ર શ્રી જીવાભાઈ ઉગાભાઈ પરમારનો જન્મ તારીખ 09/09/1954 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા, કોડીનાર, તાલુકો કોડીનાર સને.-1954 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# લાઠીમાં આઝાદી બાદના વર્ષો જૂના બે રોડ પ્રશ્નોનું ઐતિહાસિક નિરાકરણ : સાંસદ અને ધારાસભ્યના પ્રયાસો સફળ

લાઠી, તા.૨૨

લાઠી શહેરમાં આઝાદી બાદથી વર્ષો સુધી ઉકેલ વિના પડેલી અને નાગરિકોના દૈનિક જીવનને અસર કરતી બે મહત્વપૂર્ણ રોડ સમસ્યાઓનું અંતે નિરાકરણ આવ્યું છે. સાંસદ ભરતભાઈ સુતરીયા તથા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી લાઠીના નાગરિકોને વર્ષો પછી સાચી વિકાસની અનુભૂતિ મળી છે. લાઠી-કેરીયા રોડ, જે અનેક દાયકાઓથી જનતાનો મોટો પ્રશ્ન બની રહ્યો હતો, તેનું આઝાદી પછી પ્રથમ વખત નવું અને કાયમી નિર્માણ કરવામાં આવ્યું છે. અગાઉ આ રોડની અત્યંત દયનીય હાલતને કારણે સામાન્ય જનતા, ખેડૂતો, વેપારીઓ, વિદ્યાર્થીઓ તેમજ દર્દીઓને લઈ જતાં વાહનોને પણ ભારે મુશ્કેલીઓ ભોગવવી પડતી હતી. અનેક રજૂઆતો છતાં અગાઉની સરકારો આ



પ્રશ્ન ઉકેલવામાં નિષ્ફળ રહી હતી, પરંતુ ભાજપ સરકારના માર્ગદર્શન હેઠળ નગરપાલિકાએ આ રોડનું ગુણવત્તાસભર કાર્ય પૂર્ણ કર્યું છે. આ ઉપરાંત, લાઠી શહેરના હરીચંદ્રપરા વિસ્તારમાં પણ રોડનો વર્ષો જૂનો પ્રશ્ન ઉકેલવામાં આવ્યો છે. અગાઉ અહીં રહેતા લોકો કાદવ, ધૂળ અને અવરજવરની સમસ્યાઓથી અત્યંત પરેશાન હતા. સાંસદ અને ધારાસભ્યની અસરકારક રજૂઆતોથી ભાજપ પ્રેરિત નગરપાલિકાએ આ રોડનું નિર્માણ કરી જનતાને રાહત આપી છે. આ બંને રોડ લાઠી શહેરના વિકાસ માટે પ્રાણ સમાન હતા.

# અમરેલીમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સહિત વિવિધ આયામોની જિલ્લા બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૨

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય મજદૂર પરિષદ, ઈન્ડિયા હેલ્થ લાઈન અને રાષ્ટ્રીય છાત્ર પરિષદ જેવા વિવિધ આયામોની અમરેલી જિલ્લા બેઠક તા. ૨૧ ડિસેમ્બરને રવિવારના રોજ યોજાઈ હતી. આ બેઠકમાં સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, ઈન્ડિયા



હેલ્થ લાઈન પ્રમુખ દેસાણી, મજદૂર પરિષદના પ્રાંત પ્રમુખ સુરેશભાઈ સોલંકી અને છાત્ર પરિષદના પ્રાંત મંત્રી મજબૂતભાઈ બસીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિભાગ અધ્યક્ષ દડુભાઈ ખાચર, મનસુખભાઈ રૈયાણી, મહામંત્રી મહેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય બજરંગ દળના અધ્યક્ષ દિલીપભાઈ બામટા, કાર્યકારી પ્રમુખ જીગ્નેશભાઈ કયાડા, નિલેશભાઈ સોલંકી, એસટી યુનિયન પ્રમુખ સંજયભાઈ પોપટ, વિપુલભાઈ ગજેરા, બાલમુકુંદભાઈ, બાબુભાઈ બમટા, જિલ્લા મંત્રી હિતેશભાઈ જોષી અને કિશોરભાઈ મહેતા સહિતના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

# માંગવાપાળ ગામે ગેસનો ચૂલો પેટાવતા દાઝેલી મહિલાનું સારવાર દરમિયાન મોત

**આ ઘટનાની જાણ અમરેલી તાલુકા પોલીસને કરવામાં આવતા પોલીસે તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૨

અમરેલીના માંગવાપાળ ગામે ગેસનો ચૂલો પેટાવતા ઓચિંતા ભડકો થતા દાઝેલી મહિલાનું સારવારમાં મોત થયું હતું.

હાલ સુરત રહેતા કૌશિકભાઈ સવજીભાઈ ગજેરા (ઉ.વ.૩૫) એ જાહેર કર્યા મુજબ, તેમના માતા રસીલાબેન સવજીભાઈ ગજેરા (ઉ.વ.૬૦) ગેસનો ચૂલો પેટાવતા ઓચિંતા ભડકો થતા દાઝી ગયા હતા. જેથી સારવાર માટે ખસેડાયા હતા જ્યાં તેમનું મોત થયું હતું.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.એસ. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં સરકારી સંઘવી શાળા નં. ૪ના નવનિર્મિત બિલ્ડિંગનું લોકાર્પણ

રાજુલા, તા.૨૨

રાજુલા શહેરમાં સરકારી સંઘવી પ્રાથમિક શાળા નંબર ૪ના નવનિર્મિત અત્યાધુનિક બિલ્ડિંગનું લોકાર્પણ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય અને રિબન કાપી શાળાનું ભવ્ય બિલ્ડિંગ કાર્યરત કરાયું. અંદાજે એક કરોડના ખર્ચે નિર્માણ પામેલી આ શાળા



ખાનગી શાળાઓને ઝાંખી પાડે તેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. લોકાર્પણ બાદ ધારાસભ્યએ શાળાનું નિરીક્ષણ કરી આચાર્ય સાથે વિકાસલક્ષી ચર્ચા કરી હતી. તેમણે શાળામાં સી.સી.ટીવી, ગ્રાઉન્ડમાં બ્લોક, બાંકડા તથા પીવાના પાણીના કુલર-ફિલ્ટર જેવી સુવિધાઓ પોતાની ગ્રાન્ટમાંથી પૂરી પાડવાની ખાતરી આપી હતી. કોમ્પ્યુટર લેબ, ઈન્ટરકોમ અને શિક્ષકો માટે ડ્રેસ કોડ જેવી વ્યવસ્થાઓને વાલીઓએ વખાણી હતી. કાર્યક્રમમાં ભાજપના આગેવાનો, નગરપાલિકા સભ્યો, શિક્ષણ અધિકારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અં-૧૪ ચેસ સ્પર્ધામાં બગસરાનો શિવ દેસાણી સાંસદ ખેલ મહોત્સવમાં પ્રથમ

બગસરા,તા.૨૨




બગસરાના શિવ નિલેશભાઈ દેસાણીએ અમરેલીમાં યોજાયેલી અંડર-૧૪ ચેસ સ્પર્ધામાં તાલુકા અને જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સ્પર્ધા સાંસદ ખેલ મહાકુંભ અંતર્ગત ૨૧થી ૨૫ ડિસેમ્બર દરમિયાન યોજાઈ હતી. શિવ દેસાણીને તેમની આ સિદ્ધિ બદલ શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે બગસરા અને અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિથી બગસરાના સાધુ સમાજમાં આનંદ અને ગર્વની લાગણી વ્યાપી છે. શિવના પિતા નિલેશભાઈ દેસાણીએ આ અંગે ખુશી વ્યક્ત કરી હતી.

# સા.કુંડલામાં ગાળો બોલવાની ના પાડતા વેપારી પર કુહાડીથી હુમલો કરાયો

સાવરકુંડલા, તા.૨૨

અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં જાહેરમાં ગાળાગાળી કરવાની ના પાડવી એક વેપારીને ભારે પડી હતી. નજીવી બાબતે ઉશ્કેરાયેલા બે શખ્સોએ વેપારીની દુકાન પર કુહાડી વડે હુમલો કરી તોડફોડ કરી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ હતી. હકુભાઈ માત્રાભાઈ ખુમાણ (ઉ.વ.૪૬)એ મયુરભાઈ જેન્તિભાઈ મકવાણા તથા ભાવનાબેન જેન્તિભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ સાવરકુંડલામાં તેમની દુકાન પાસે મયુરભાઈ મકવાણા ઉભો રહીને બિભત્સ ગાળો બોલી રહ્યો હતો. આથી તેને ટોકતા અને દુકાન પાસે ગાળો ન બોલવા સમજાવતા આ વાતનું માઠું લાગ્યું હતું. જે બાદ તે વધુ ઉશ્કેરાયો હતો અને વેપારીને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યો હતો. થોડીવાર બાદ બંને આરોપીએ ભેગા મળીને વેપારીને ફરી ગાળો આપી હતી. આ દરમિયાન મયુરભાઈ મકવાણાએ પોતાના હાથમાં રહેલી કુહાડી વડે તેમની દુકાનના શટર પર ઉપરાઉપરી ઘા મારવાનું શરૂ કરી દીધું હતું. તોડફોડ કરવાની સાથે આરોપીઓએ વેપારીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# અમરેલી જિલ્લામાં તા.૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી સભા, સરઘસ અને હથિયારબંધી

અમરેલી, તા.૨૨

નાતાલ તહેવારની ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી અમરેલી જિલ્લામાં એક મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ પ્રસિદ્ધ કરાયેલ આ જાહેરનામું જિલ્લામાં તા.૦૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી અમલી રહેશે. આ હુકમ મુજબ જિલ્લામાં સભા-મંડળી ભરવા, સરઘસ કાઢવા, હથિયાર લઈ જવા અને કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઉપરાંત, જાહેરમાં બૂમ પાડવી, ગીતો ગાવા કે વાદ્ય વગાડવાની પણ મનાઈ ફરમાવાઈ છે. સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી સિવાય સભા અથવા સરઘસ કાઢી શકાશે નહીં. જો કે, ફરજ પરના પોલીસ જવાનો, સરકારી કર્મચારીઓ, વરઘોડા અને સ્મશાનયાત્રાને આ હુકમમાંથી મુક્તિ આપવામાં આવી છે. ભંગ કરનાર સજા અને દંડને પાત્ર રહેશે.

# બાબરા તાલુકાના ચરખા ગામના વતની પી.આઈ. પ્રવીણભાઈ રાખોલીયાને ડી.વાય.એસ.પી. તરીકે બઢતી

બાબરા,તા.૨૨

બાબરા તાલુકાના ચરખા ગામના વતની અને હાલ દ્વારકા ખાતે પી.આઈ. તરીકે ફરજ બજાવી રહેલા પ્રવીણભાઈ નારણભાઈ રાખોલીયાને રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પી.આઈ.માંથી ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપવામાં આવી છે. રાજ્ય સરકારના આ નિર્ણય સાથે તેમને કરજણ ડિવિઝનમાં ડી.વાય.એસ.



પી. તરીકે નવી મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રવીણભાઈ રાખોલીયાની આ સિદ્ધિથી બાબરા તાલુકા સહિત તેમના પરિવારજનો, મિત્રવર્તુળ અને સમગ્ર સમાજમાં આનંદની લાગણી ફેલાઈ છે. તેમના પ્રમોશનના સમાચાર મળતા જ અનેક શુભેચ્છકો દ્વારા સોશિયલ મીડિયા અને રૂબરૂ મળીને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે સમગ્ર પંથકમાંથી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા. ૨૩-૧૨-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૭:૧૦,
સૂર્યાસ્ત-૦૫:૨૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

## દૈનિક રાશિફળ

તા.૨૩-૧૨-૨૦૨૫ મંગળવાર

મેષ: આજે તમે વ્યવસાય ક્ષેત્રે અનુકૂળ નફો મેળવીને ખુશ થશો. તમારા પિતા સાથે મળીને, તમે તમારો વ્યવસાય બદલવા અને નવો વ્યવસાય શરૂ કરવાની યોજના બનાવશો.

વૃષભ: શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ માટે ખાસ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે. તમે બુદ્ધિશાળી વાણી દ્વારા વ્યાવસાયિક વિવાદો ઉકેલવામાં સફળ થશો.

મિથુન: તમને અન્ય લોકોને મદદ કરવામાં ખુશી મળશે, તેથી તમારો દિવસ દાનમાં વિતાવો.

કર્ક: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈપણ મૂલ્યવાન વસ્તુ મેળવી શકાય છે.

સિંહ: રોજગાર ક્ષેત્રમાં તમારી ક્ષમતાઓમાં સુધારો કરીને તમને નવી તકો મળશે. તમારી નાણાકીય બાજુ મજબૂત રહેશે અને સંપત્તિ, માન અને ખ્યાતિમાં વધારો થશે.

કન્યા: સામાજિક કાર્ય કરવાથી તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. તમને તમારા જીવનસાથી તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

તુલા: તમારા પિતાની મદદથી, તમે આર્થિક પ્રગતિ પ્રાપ્ત કરશો અને સમાજમાં તમારી નવી ઓળખ બનશે.

વૃશ્ચિક: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. કૌટુંબિક મિલકત મેળવવાની પ્રબળ શક્યતા છે. અટકેલા પૈસા મળવાથી ભંડોળ મજબૂત થશે.

ધન: આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. તમારા જીવનસાથીનું સ્વાસ્થ્ય અચાનક બગડી શકે છે અને દોડાદોડ અને ખર્ચ કરવાની સ્થિતિ બની શકે છે.

મકર: આજે ઘરગથ્થુ વસ્તુઓ પર પૈસા ખર્ચ થઈ શકે છે. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે નવી તકો મળશે. સાંસારિક સુખો માણવાના સાધનો વધશે.

કુંભ: વ્યક્તિ પરિવાર સાથે નજીક અને દૂર સકારાત્મક યાત્રા પર જઈ શકે છે. કૌટુંબિક વ્યવસાયમાં વધતી પ્રગતિથી તમે ખૂબ ખુશ થશો.

મીન: બાળકો સાથે સારો સમય પસાર કરશો. બપોર સુધીમાં સારા સમાચાર પણ મળશે. તમારા અને તમારા પરિવારના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

# રાજુલામાં સાયબર ફ્રોડ કરનાર અને બેંક એકાઉન્ટ ભાડે આપનાર સામે ગુનો દાખલ

રાજુલા, તા.૨૨

રાજુલાના બેંક એકાઉન્ટનો દુરુપયોગ કરી સાયબર ફ્રોડના લાખો રૂપિયા ટ્રાન્સફર કરવાના ગુનામાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસમાં કમિશનની લાલચ આપીને કરન્ટ એકાઉન્ટ ખોલાવી, તેમાં છેતરપિંડીના નાણાં મંગાવીને ઉપાડી લેવાનું વ્યવસ્થિત કૌભાંડ સામે આવ્યું હતું. ભાવનગરમાં રહેતા રોનક દિનેશભાઈ બારૈયા, સોયબ ગફારભાઈ હબીદાણી તથા યાસીન ઉર્ફે માણીયો કરીમભાઈ ઓપયાની સામે ફરિયાદ નોંધાઈ હતી. જે મુજબ સોયબ હબીદાણી અને યાસીને ભેગા મળીને રોનક બારૈયાને વિશ્વાસમાં લીધો હતો. તેમણે રોનક બારૈયાની રાજુલા સ્થિત બેંક ઓફ બરોડાની શાખામાં એક કરન્ટ એકાઉન્ટ ખોલાવવા માટે જણાવ્યું હતું. આ એકાઉન્ટમાં જે કંઈ પણ નાણાકીય વ્યવહાર (ટ્રાન્જેક્શન) થાય, તેના પર કમિશન આપવાની લાલચ આપવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું કે, રોનક બારૈયાના બેંક એકાઉન્ટમાં સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર નોંધાયેલી ફરિયાદ મુજબના ચાર અલગ-અલગ અરજદારો સાથે થયેલી છેતરપિંડીના કુલ રૂ. ૧૨,૨૮,૦૦૦ જમા થયા હતા. સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા આ ચોરીના રૂપિયા બેંકમાંથી ઉપાડી લઈ, તમામ આરોપીઓએ પોતાના અંગત આર્થિક ફાયદા માટે વહેંચી લીધા હતા. સાયબર ક્રાઈમના આ નાણાં સગેવગે કરવા બદલ પોલીસે ત્હોમતદારો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે અને આ એકાઉન્ટનો ઉપયોગ અન્ય કયા ગુનાઓમાં થયો છે તે દિશામાં પણ તપાસ તેજ કરવામાં આવી હતી.

# વડીયાના મોરવાડા ગામના પાટીયા પાસે ૧૦ નંગ દારૂના ચપટા ઝડપાયા

વડીયા, તા. ૨૨

વડીયાના મોરવાડા ગામના પાટીયા પાસેથી નિકુંજ ઉર્ફે કાળુભાઈ બાઉદીનભાઈ હિરપરા (ઉ.વ.૨૯) નામનો યુવક વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં ભારતીય બનાવટના વિદેશી દારૂના ચપટા નંગ કુલ-૧૦ સાથે ઝડપાયો હતો. પોલીસે રૂ.૧૭૫૦ ના મુદ્દામાલ સાથે યુવકને ઝડપ્યો હતો. તેણે આ જથ્થો સુરતના અમીન રહિમભાઈ ગનયાણી પાસેથી ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. ધારીના દલખાણીયા ગામેથી ૨૫ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. આ સિવાય અન્ય છ સ્થળેથી ૧૭ લીટર મળી કુલ સાત જગ્યાએથી ૪૨ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૬ ઈસમો કેફી પીણું પીને ફરતા પકડાયા હતા.

# જાફરાબાદમાં ૪૦ લાખની સૂકી 'બુમલા' મચ્છી બંગાળ પહોંચાડવાને બદલે ગુમ

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદમાં માછીમારીના વ્યવસાય સાથે જોડાયેલા વેપારી સાથે અંદાજે ૪૦ લાખ રૂપિયાનો વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી હતી. ૧૨ ટનથી વધુ સૂકી મચ્છી (બુમલા) પશ્ચિમ બંગાળ મોકલવા માટે ટ્રકમાં ભરી આપ્યા બાદ આરોપીઓએ તે માલ નિયત સ્થળે પહોંચાડવાને બદલે બારોબાર વેચી નાખી ગુનાહિત કૃત્ય આચર્યું હતું. બશીરભાઈ ઈબ્રાહીમભાઈ હબસી (ઉવ.૫૪)એ યુસુફભાઈ બાબુભાઈ ગયોલ તથા શબીરશા નાથુશા શાહમહાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની સૂકી મચ્છી (બુમલા) જેનું વજન આશરે ૧૨ ટન ૮૨૫ કિલોગ્રામ હતું, તેની ખર્ચ સહિત કુલ કિંમત રૂ.૪૦,૩૪,૮૧૦ થતી હતી. આ જંગી જથ્થો પશ્ચિમ બંગાળની બોર્ડર પર સાક્ષી દીપક સરકારને પહોંચાડવાનો હતો. આ માટે અશોક લેલેન્ડ ૩૧૧૬ ટ્રક (રજિસ્ટ્રેશન નંબર: GJ-૦૩-X-૫૩૫૦) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનો કબજો આરોપી પાસે હતો. આરોપીઓએ આ મચ્છીનો જથ્થો નિયત સ્થળે પહોંચાડવાની જવાબદારી લીધી હતી, પરંતુ વાસ્તવમાં આ માલ ત્યાં પહોંચાડવામાં આવ્યો નહોતો. તપાસમાં જાણવા મળ્યું છે કે બંને આરોપીઓએ પરસ્પર મેળાપીપણું કરીને આ કિંમતી જથ્થો ક્યાંક બારોબાર વેચી નાખ્યો છે અથવા તો સગેવગે કરી નાખ્યો છે. ફરિયાદીના માલનો પોતાના અંગત સ્વાર્થ માટે નિકાલ કરી આરોપીઓએ ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી.

# રાજુલાના મોટી ખેરાળી ગામે પિતાએ ફોનમાં વાત કરવાની ના પાડતા પુત્રીએ ગળાફાંસો ખાધો

**પિતાની શિખામણનું આટલું ગંભીર પરિણામ હશે તે પરિવારને પણ ખબર નહોતી**

રાજુલા, તા. ૨૨


અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોટી ખેરાળી ગામે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. પિતાએ મોબાઈલ ફોન પર વધારે વાત કરવાની ના પાડતા, મનમાં લાગી આવવાથી એક વ્યક્તિએ ગળાફાંસો ખાઈને આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘનશ્યામભાઈ નારણભાઈ શિયાળ (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી માયાબેનને (ઉ.વ.૧૯) ફોન પર વધારે સમય વાત ન કરવા બાબતે ઠપકો આપ્યો હતો. આ વાતને લઈ મનમાં લાગી આવ્યુ હતું અને આવેગમાં આવી જઈને તેણે આ આત્મઘાતી પગલું ભરી લીધું હતું. ઘરના સભ્યએ ગળાફાંસો ખાઈ લેતા આ ઘટનાથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. પિતાની સામાન્ય શિખામણ પાછળ સંતાન આટલું આકરૂં પગલું ભરશે તેવી કલ્પના પણ પરિવારે કરી ન હતી. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# વિકસિત રાષ્ટ્રના સપના એટલે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ

ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે માળખાકીય વિકાસ. અને માળખાકીય વિકાસ એટલે સુશાસન અને જનકલ્યાણનું સંયુક્ત સ્વપ્ન. વિકસિત ભારતના અમૃતકાળમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના મંત્રને સાકાર કરવા માટે દેશવ્યાપી સ્તરે જે ગતિએ વિકાસની પ્રક્રિયા આગળ વધી રહી છે, તે ભારતના ભવિષ્ય માટે આશાસ્પદ સંકેત છે. આ દિશામાં "વાઈબ્રન્ટ ગુજરાત" જેવી પહેલો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત જિલ્લા કક્ષાએ યોજાતા સેમિનારો સ્થાનિક સ્તરે વિકાસની દિશા નક્કી કરે છે અને જનભાગીદારીને પ્રોત્સાહન આપે છે. ભાવનગર ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાનો વાઈબ્રન્ટ સેમિનાર પણ એનું ઉત્તમ ઉદાહરણ છે, જ્યાં ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારીના અવસરો અંગે વિચારવિમર્શ થયો અને સ્થાનિક વિકાસને નવી દિશા મળવાની આશા બંધાઈ. વિકસિત ભારતના અમૃતકાળમાં પ્રગતિ પોર્ટલ દ્વારા સક્રિય નિરીક્ષણની સાથે માળખાકીય યોજનાઓને સમયસર પૂર્ણ કરવાની એક આદર્શ વ્યવસ્થા વિકસિત થઈ છે. ૩૬૩ થી વધુ મહત્વપૂર્ણ યોજનાઓની સમીક્ષા થવાથી પારદર્શિતા, જવાબદારી અને કાર્યક્ષમતામાં વધારો થયો છે. આ સુશાસનનું જીવંત ઉદાહરણ છે, જ્યાં યોજના માત્ર કાગળ પર નહીં પરંતુ જમીન પર ઉતરતી જોવા મળે છે. માળખાકીય વિકાસના ક્ષેત્રમાં ભારતે વૈશ્વિક સ્તરે પોતાની મજબૂત ઓળખ બનાવી છે. વિશ્વનો સૌથી ઊંચો આર્ચ બ્રિજ ગણાતો ચિનાબ બ્રિજ, જે ૩,૧૪૮.૯ કરોડના ખર્ચે તૈયાર થયો છે અને ૬ જૂન, ૨૦૨૫ના રોજ કાર્યાન્વિત થયો, તે ભારતની એન્જિનિયરિંગ ક્ષમતાનું ગૌરવ છે. નદીથી ૩૫૯ મીટર ઊંચાઈ પર સ્થિત આ બ્રિજ માત્ર કનેક્ટિવિટી નહીં પરંતુ રાષ્ટ્રીય એકતા અને વ્યૂહાત્મક મહત્વનું પ્રતીક છે. સમુદ્રી માળખામાં પણ ભારતે મોટો કૂદકો માર્યો છે. રિસાયકલિંગ ઉદ્યોગ પણ ગ્રીનફિલ્ડ ઉદ્યોગ બની રહ્યો છે. વિકાસની ગતિ તે જ બની છે, સમુદ્રી પરિવહન પણ ઝડપી બન્યું છે. ઘોઘા દરિયાઈ પરિવહન સેવા માત્ર હજીરા સુધી જ નહીં પરંતુ આગળ દક્ષિણ ભારત સુધી લંબાવવાની પ્રક્રિયા ચાલુ છે તો બીજી બાજુ ખૂણામાં રહેલા ભાવનગર પોર્ટને પણ ૧૯,૦૦૦ કરોડને ખર્ચે સીએનજી પોર્ટ બનાવવાની કાર્યવાહી પણ આગળ ચાલી રહી છે. જીએમબી દ્વારા મહુવા બંદરના વિકાસ માટે પણ ઉજળી આશા છે. કલ્પસર પ્રોજેક્ટનો સામા કિનારાનો ભાડભૂત બેરેજનો પ્રોજેક્ટ પણ ઝડપથી આગળ વધી રહ્યો છે. અમદાવાદ ધોલેરા એક્સપ્રેસ હાઈવે ભાવનગર સુધી લંબાવવાની પણ વાત માત્ર કાગળ પર ન રહેતા ઝડપથી સાકાર થઈ રહ્યો છે. અમદાવાદથી ભાવનગર આવતા રાતના સમયે આખો એક્સપ્રેસ હાઈવે વિદેશી હાઈવેની યાદ આપે તેવો બનતો જાય છે તે આનંદની વાત છે. ભાવનગર હવે મીઠા આધારિત રસાયણોનું મોટું હબ બને તેવી શક્યતા વધતી જાય છે. ધોલેરા સર માટે પોલીસ કમિશનર ભાવનગર હસ્તક આવશે તેવી જાહેરાત જિલ્લા કક્ષાના વાઈબ્રન્ટ સેમિનારમાં કરવામાં આવી હતી. રાષ્ટ્ર લેવલની વાત કરીએ તો વિકાસના સપના સાકાર થઈ રહ્યા છે. મહારાષ્ટ્રના વધાવન પોર્ટ પ્રોજેક્ટ અને વિઝીનઝામ ઈન્ટરનેશનલ ટ્રાન્સશિપમેન્ટ ડીપવોટર સીપોર્ટ જેવી પરિયોજનાઓ ભારતના વૈશ્વિક વેપારમાં નવા દ્વાર ખોલી રહી છે. હજારો કરોડના રોકાણ સાથે આ ગ્રીનફિલ્ડ અને ડીપડ્રાફ્ટ પોર્ટ્સ ભારતને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં મજબૂત સ્થાન અપાવશે અને રોજગારીના વિશાળ અવસરો ઊભા કરશે. પી.એમ. ગતિશક્તિ યોજના હેઠળ જળમાર્ગ, રેલવે, ધોરીમાર્ગ અને વાયુમાર્ગ વચ્ચેની ઈન્ટરકનેક્ટિવિટી મજબૂત બનતી જઈ રહી છે. વિકાસનો સાચો અર્થ ત્યારે સાકાર થાય છે.

# ખનન માફિયાઓથી જંગલોને નહીં હવે પર્વતોને પણ બચાવો




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

પર્વતો માત્ર પથ્થર અને માટીના ઢગલા નથી; તે ધરતીની શ્વાસનળી સમાન છે. પર્વતો વરસાદને આકર્ષે છે, નદીઓના ઉદ્દગમ બને છે, ભૂગર્ભ જળને સંચિત રાખે છે અને આસપાસના વિસ્તારોનું તાપમાન સંતુલિત કરે છે. પર્વતીય વનસ્પતિ હવા શુદ્ધ કરે છે અને અનેક જીવજંતુઓને આશ્રય આપે છે. માનવ જીવનની ખેતી, પાણી અને હવામાનની સુરક્ષા પર્વતો પર આધારિત છે. એટલે જ પર્વતોનું સંરક્ષણ માત્ર પર્યાવરણનો મુદ્દો નથી, પરંતુ માનવ અસ્તિત્વનો પ્રશ્ન છે. આજના સમયમાં પર્વતોને સૌથી મોટો ખતરો માનવીય લાલચથી ઊભો થયો છે. અનિયંત્રિત ખનન, ગેરકાયદે ખોદકામ, અંધાધૂંધ બાંધકામ, શહેરીકરણનું દબાણ અને વનવિનાશ પર્વતોને અંદરથી ખોખલા બનાવી રહ્યા છે. પર્વત તોડવાના પરિબળો માત્ર આર્થિક નફા સુધી સીમિત નથી, પરંતુ વિકાસના નામે થતી બેદરકારી પણ છે. ટૂંકા ગાળાના લાભ માટે લાંબા ગાળાના નુકસાનને અવગણવાની માનસિકતા પર્વતોને વિનાશ તરફ દોરી રહી છે. પર્વતો બચાવીએ તો પર્યાવરણ બચશે. ગુજરાતમાં અનેક પર્વતો અને ટેકરીઓ સામે આજે ગંભીર જોખમ ઊભું થયું છે. વિકાસ અને નફાની દોડમાં પર્વતોની આસપાસના જંગલો ઝડપથી નાશ પામી રહ્યા છે. જ્યાં ક્યારેક ઘન વૃક્ષો, પક્ષીઓનો કલરવ અને કુદરતી શાંતિ જોવા મળતી હતી, ત્યાં આજે પથ્થરો તોડવાના અવાજો અને ભારે મશીનોની ગર્જના સંભળાય છે. પર્વતોની છાતી ચીરીને પથ્થરો અને ખનીજો કાઢવામાં આવી રહ્યા છે, તે પણ મોટા ભાગે ગેરકાનૂની રીતે. હેવી અર્થ મુવર જેવા મોટા મશીનોનો બેફામ ઉપયોગ પર્વતોને અંદરથી ખોખલા બનાવી રહ્યાં છે. આ મશીનો માત્ર પથ્થરો જ નથી તોડતી, પરંતુ આસપાસના જંગલોને પણ સાફ કરી નાખે છે. વૃક્ષો કપાતા જમીન ઉજ્જડ બને છે, પરિણામે માટી ધોવાણ વધે છે અને વરસાદી પાણી વહેતી માટી સાથે ખીણોમાં વહી જાય છે. આ પ્રક્રિયા ધીમે ધીમે પર્વતોની સ્થિરતા નષ્ટ કરે છે અને ભૂસ્ખલનનો ખતરો ઊભો કરે છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં આ વસ્તુ બની રહી છે. જંગલનો વિનાશ માત્ર વૃક્ષો સુધી સીમિત નથી. તેની સાથે અનેક જીવજંતુઓનું નિવાસસ્થાન નષ્ટ થાય છે. પક્ષીઓ, વન્ય પ્રાણીઓ અને સૂક્ષ્મ જીવસૃષ્ટિ માટે પર્વતો અને જંગલો જીવનરેખા સમાન છે. જ્યારે આ પર્યાવરણ તૂટી પડે છે, ત્યારે માનવી પણ તેની અસરથી બચી શકતો નથી. ભૂગર્ભ જળસ્તર ઘટે છે, કુદરતી ઝરણાં સૂકાઈ જાય છે અને આસપાસના ગામડાંમાં પાણીની સમસ્યા ઊભી થાય છે. આ સ્થિતિને હવે વધુ સમય સુધી અવગણવી શક્ય નથી. ગેરકાનૂની ખનન અને અંધાધૂંધ પથ્થરતોડ પ્રવૃત્તિઓ પર કડક નિયંત્રણ લાવવાની તાત્કાલિક જરૂર છે. કાયદાનો અમલ કાગળ પર નહીં, પરંતુ જમીન પર થવો જોઈએ. સાથે સાથે સ્થાનિક સમુદાયોને પણ પર્વતો અને જંગલોના રક્ષણમાં ભાગીદાર બનાવવા જરૂરી છે. પર્વતો અને જંગલો કુદરતની અમૂલ્ય ભેટ છે. જો આજે તેને બચાવવાની ગંભીર કોશિશ નહીં કરીએ, તો આવતી પેઢીઓને માત્ર પથ્થરોના ઘા અને ખાલી જમીન જ વારસામાં મળશે. વિકાસ ત્યારે જ સાચો કહેવાય, જ્યારે તે પર્યાવરણની સાથે ચાલે, તેને નષ્ટ કરીને નહીં. અરવલ્લી પર્વતમાળા ભારતની સૌથી પ્રાચીન પર્વતમાળાઓમાંની એક છે. દિલ્હી, રાજસ્થાન, હરિયાણા અને ગુજરાત એમ ચાર રાજ્યોમાં ફેલાયેલી આ પર્વતમાળા ૩૯ જિલ્લાઓને આવરી લે છે. અરવલ્લી માત્ર ભૂગોળીય રચના નથી, પરંતુ ઉત્તર ભારતના પર્યાવરણનું રક્ષણ કવચ છે. તે રણના વિસ્તરણને અટકાવે છે, ભૂગર્ભ જળસ્તરને જાળવે છે અને દિલ્હી-એનસીઆર જેવા ઘન વસ્તી વિસ્તારો માટે હવામાનનું સંતુલન કરે છે. તાજેતરમાં અરવલ્લી અંગે ઊભી થયેલી ચર્ચાઓ અને ભ્રમોને દૂર કરતાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન પ્રધાન તથા અલવર લોકસભા બેઠકના સાંસદ ભૂપેન્દ્ર યાદવે સ્પષ્ટતા કરી છે કે અરવલ્લી ક્ષેત્રમાં કોઈપણ પ્રકારની છૂટછાટ આપવામાં આવી નથી અને આગળ પણ આપવામાં નહીં આવે. તેમણે જણાવ્યું કે કેન્દ્ર સરકાર છેલ્લા બે વર્ષથી 'ગ્રીન અરવલ્લી' પહેલ ચલાવી રહી છે, જેનો હેતુ અરવલ્લીના વનવિસ્તારનું સંરક્ષણ અને પુનઃસ્થાપન છે. અરવલ્લીના ૯૦ ટકાથી વધુ વિસ્તારને સંરક્ષિત ગણવામાં આવ્યો છે. ખાસ કરીને '૧૦૦ મીટર'ના મુદ્દે જે ગેરસમજો ફેલાવવામાં આવી રહી હતી, તે અંગે સરકારે વૈજ્ઞાનિક અને કાયદેસર સ્પષ્ટતા કરી છે. પર્યાવરણ પ્રધાનના જણાવ્યા અનુસાર ૧૦૦ મીટરની સુરક્ષા પહાડીની ટોચથી નહીં, પરંતુ પહાડીની તળેટીથી ગણાશે. જ્યાં પહાડીનો આધાર ફેલાયેલો હોય છે, ત્યાંથી ૧૦૦ મીટર સુધીનો વિસ્તાર સંપૂર્ણપણે સંરક્ષિત રહેશે. આ વિસ્તારમાં કોઈપણ પ્રકારનું ખોદકામ કે ખનન કરવાની મંજૂરી નથી. આ સાથે એક મહત્વપૂર્ણ બાબત એ પણ સ્પષ્ટ કરવામાં આવી છે કે અરવલ્લીની બે પહાડીઓ વચ્ચે જો ૫૦૦ મીટરનું અંતર હોય, તો પણ તે આખી જમીન અરવલ્લીનો જ ભાગ માનવામાં આવશે. એટલે કે સંરક્ષણ માત્ર પહાડ સુધી સીમિત નથી, પરંતુ પહાડો વચ્ચેની જમીન પણ સુરક્ષિત રહેશે. આ વ્યાખ્યા અરવલ્લીના પર્યાવરણીય સંતુલનને જાળવવા માટે અત્યંત જરૂરી છે. અરવલ્લી સંદર્ભે કાયદેસર કેસો કોઈ નવા નથી. ૧૯૮૫થી આ મુદ્દે અરજીઓ ચાલી રહી છે. આ તમામ અરજીઓનો મૂળ હેતુ એક જ છે—અરવલ્લી વિસ્તારમાં ખનન પ્રવૃત્તિ પર કડક અને સ્પષ્ટ નિયમો લાગુ કરાવવાનો. સુપ્રીમ કોર્ટે પણ ચાર રાજ્યોને એકસરખી પરિભાષા નક્કી કરવા સૂચના આપી હતી, જેથી અલગ અલગ વ્યાખ્યાઓના આધાર પર નિયમોનું ઉલ્લંઘન ન થાય. કેન્દ્ર સરકારે આ સૂચનાને અનુસરીને સ્પષ્ટ અને વૈજ્ઞાનિક પરિભાષા નક્કી કરી છે. અરવલ્લી માટે સૌથી મોટો ખતરો વનવિનાશ છે. ડી-ફોરેસ્ટેશન એટલે કે વનનો વિનાશ પર્વતોને નિર્વસ્ત્ર બનાવી દે છે. વૃક્ષો વિના પર્વતો માટી ધોવાણનો શિકાર બને છે, ભૂગર્ભ જળસ્તર ઘટે છે અને જળસ્ત્રોતો સુકાઈ જાય છે. વનવિનાશથી માત્ર પર્યાવરણ જ નહીં, પરંતુ સ્થાનિક સમુદાયોનું જીવન પણ અસરગ્રસ્ત થાય છે. તેથી અરવલ્લીમાં વનવિનાશને અટકાવવો અને વ્યાપક વનસર્જન કરવું સમયની માગ છે. 'ગ્રીન અરવલ્લી' જેવી પહેલો એ દિશામાં આશાનું કિરણ છે. પરંતુ સરકારની નીતિઓ સાથે સમાજની જવાબદારી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. જો સ્થાનિક લોકો, ઉદ્યોગો અને નાગરિકો પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ નહીં બને, તો કાયદા એકલા પૂરતા સાબિત નહીં થાય. વિકાસ અને સંરક્ષણ વચ્ચે સંતુલન સાધવું આજની સૌથી મોટી જરૂરિયાત છે. અંતે એટલું જ કહી શકાય કે અરવલ્લીનું સંરક્ષણ એટલે દેશના પર્યાવરણીય ભવિષ્યનું સંરક્ષણ. પર્વતો બચશે તો જ પાણી, હવા અને જીવન બચશે. ભ્રમ અને ખોટા પ્રચારથી દૂર રહી, વૈજ્ઞાનિક સમજ અને જવાબદાર વલણ સાથે અરવલ્લીને બચાવવાનો સંકલ્પ આજે દરેક નાગરિકે લેવાનો સમય આવ્યો છે.

**અરવલ્લીનું સંરક્ષણ જરૂરી છે. પર્વતો બચશે તો ભવિષ્ય બચશે. અરવલ્લી પર્વતમાળાનો મૂળ વિવાદ તેના સંરક્ષણની વ્યાખ્યા અને ખનન પ્રવૃત્તિઓને લઈને છે. વર્ષોથી અલગ અલગ રાજ્યોમાં અરવલ્લીની અલગ પરિભાષા અપનાવવામાં આવી, જેના કારણે ગેરકાયદે ખનન અને બાંધકામને પ્રોત્સાહન મળ્યું. પહાડની સીમા, તળેટી અને આસપાસની જમીન સંરક્ષિત ગણાય કે નહીં, તે મુદ્દે મતભેદ રહ્યા. ખાસ કરીને ૧૦૦ મીટર સુરક્ષા વિસ્તાર અંગે ખોટી સમજ ફેલાઈ, જેથી વિકાસના નામે પર્યાવરણને નુકસાન થયું. આ કારણે અરવલ્લીનું પર્યાવરણીય સંતુલન ખોરવાયું અને વિવાદ ઊભો થયો.**

## શબ્દ સંજોગ-૨૧૨૧



**આડી ચાવી :**
(૧) સાંકડી પટ્ટીના આકારનું રાજ્ય (૩)
(૩) કાયદો જાણનાર પુરૂષ (૩)
(૬) તાલનું આરંભ સ્થાન (૨)
(૭) સાવચેતી, કાળજી (૨)
(૮) પૃથ્વી, જમીન (૩)
(૯) ચામડીનો એક રોગ (૩)
(૧૧) સુરતનું જમણ અને કાશીનું -------(૩)
(૧૩) ઠીંગણો (૩)
(૧૫) બરફ (૨)
(૧૬) સાધુ પુરૂષ (૨)
(૧૭) પંચાતિયો (૩)
(૨૦) જનમારો, જિંદગી (૩)
(૨૨) એક ગુજરાતી માસ (૨)
(૨૪) ઉતાવળ, ઝડપ (૨)
(૨૬) રાજસ્થાનનો એક પ્રદેશ (અ) (૩)
(૨૮) શરીરનો એક અવયવ (૨)
(૨૯) રેશમ તથા સૂતરનું ઘણા રંગના પટાવાળુ કપડું (૩)
(૩૦) હોમ, યજ્ઞ (૩)

**ઉભી ચાવી :**
(૧) કેરીની એક જાત (૩)
(૨) રમતા રમતા સધાય એવુ તે (૫)
(૩) વડોદરા અને ભરૂચ વચ્ચેનો પ્રદેશ (૩)
(૪) ગાયોનું ટોળુ (૩)
(૫) ચણોઠી જેટલું કદ કે વજન (૨)
(૧૦) અધમ, નીચ (૨)
(૧૨) પહોંચ, પાવતી (૩)
(૧૪) એક જાતનું નેતર (૨)
(૧૫) યજ્ઞ કરવો તે (૩)
(૧૬) સંગતિ, સોબત (૩)
(૧૮) ઘર બાંધવાની જગ્યા (૨)
(૧૯) વિષ્ણુનો એક અવતાર (૨)
(૨૦) સાપની કાંચળી (૨)
(૨૧) કસરત માટેનો લાકડાનો લીસો થાંભલો (૪)
(૨૩) બાંધો, કાઠું (૨)
(૨૪) -------- માતા ચ પિતા -------- (૩)
(૨૫) લગામ, અછોડો (૨)
(૨૭) અરે----------! (૨)

## શબ્દ સંજોગ-૨૧૨૦ જવાબ

**આડી ચાવી :** (૧) પાય (૨) શાપણણ (શાણપણ) (૬) દબાણ (૭) જાસુદ (૯) ખરગોન (૧૨) આંખ (૧૩) નલ (૧૫) સેના (૧૬) ટંક (૧૮) પાટો (૧૯) શંભુ (૨૦) ડબલ (૨૨) વખ (૨૩) આંક (૨૪) દેશ (૨૫) પાક (૨૬) અનશન (૨૭) આડાડોઈ (આડોડાઈ)
**ઉભી ચાવી :** (૧) પારખ (૨) શાબાન (૩) પણ (૪) ણજા (જાણ) (૫) જીદ (૬) દગો (૮) સુકાન (૧૦) રચના (૧૧) ભૂખ (૧૨) આંક (૧૪) લવચીક (૧૫) સેકંડ (૧૬)ટંટો (૧૭) રોભુ (ભુરો) (૧૮) પાલ (૧૯) શંખ (૨૧)બટન (૨૨) વશ (૨૩) આંકડો (૨૪) દેન (૨૫) પાડા.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૫ | ૧૫૪૫ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૮૪૦ | ૯૨૦ |
| જુવાર પીળી | ૩૭૦ | ૪૭૦ |
| બાજરી | ૩૫૪ | ૩૯૩ |
| તુવેર | ૮૦૦ | ૧૫૦૦ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૦૫૫ |
| ચણા સફેદ | ૧૩૪૦ | ૧૮૨૫ |
| અડદ | ૯૦૦ | ૧૫૨૫ |
| મગ | ૧૧૦૦ | ૧૮૮૦ |
| વાલ દેશી | ૬૨૫ | ૧૧૪૯ |
| ચોળી | ૮૬૦ | ૧૨૪૬ |
| મઠ | ૮૫૧ | ૧૪૫૧ |
| વટાણા | ૧૦૦૦ | ૧૭૩૦ |
| કળથી | ૪૫૦ | ૮૧૦ |
| રાજમા | ૯૦૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૧૦૧૫ | ૧૪૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૮૦ |
| તલી | ૧૭૧૧ | ૨૧૨૮ |
| એરંડા | ૧૨૧૦ | ૧૨૮૧ |
| અજમો | ૯૦૦ | ૧૯૦૧ |
| સોયાબીન | ૮૨૫ | ૯૦૫ |
| સીંગફાડા | ૯૨૦ | ૧૫૫૮ |
| કાળા તલ | ૩૪૭૪ | ૫૧૨૪ |
| લસણ | ૧૧૪૧ | ૨૧૯૦ |
| ધાણા | ૧૪૫૦ | ૧૮૪૦ |
| મરચા સુકા | ૨૧૦૦ | ૩૭૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૮૬૦ |
| વરીયાળી | ૯૬૦ | ૧૭૧૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૫૦ |
| રાય | ૧૬૦૦ | ૧૯૯૦ |
| મેથી | ૮૯૫ | ૧૩૩૩ |
| ઇસબગુલ | ૧૩૦૧ | ૧૬૫૨ |
| અશેરીયો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| કલોંજી | ૩૮૦૦ | ૪૬૨૦ |
| રાયડો | ૧૦૮૦ | ૧૨૬૫ |
| ગુવારનું બી | ૯૫૦ | ૧૧૩૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૨૬ | ૭૧૧ |
| પપૈયા | ૭૬ | ૧૦૩ |
| બટેટા | ૧૨૭ | ૪૯૨ |
| ડુંગળી સુકી | ૪૩ | ૨૪૫ |
| ટમેટા | ૬૮૨ | ૧૦૧૩ |
| સુરણ | ૭૦૩ | ૮૧૭ |
| કોથમરી | ૩૯૧ | ૫૯૮ |
| મુળા | ૨૫૨ | ૩૮૨ |
| રીંગણા | ૪૦૩ | ૭૨૭ |
| કોબીજ | ૧૧૧ | ૨૧૦ |
| ફ્લાવર | ૨૫૮ | ૪૧૩ |
| ભીંડો | ૬૧૩ | ૧૦૧૮ |
| ગુવાર | ૮૨૯ | ૧૪૧૬ |

| | | |
|---|---|---|
| ચોળાસીંગ | ૪૯૬ | ૭૧૧ |
| વાલોળ | ૨૪૬ | ૬૧૮ |
| ટીંડોરા | ૩૧૩ | ૬૨૧ |
| દુધી | ૯૨ | ૧૮૧ |
| કારેલા | ૫૧૩ | ૭૧૪ |
| સરગવો | ૧૨૧૯ | ૨૧૦૬ |
| તુરીયા | ૬૮૪ | ૧૧૭૮ |
| પરવર | ૯૯૧ | ૧૪૦૬ |
| કાકડી | ૫૦૩ | ૭૧૭ |
| ગાજર | ૧૯૮ | ૪૧૩ |
| વટાણા | ૪૧૦ | ૫૨૭ |
| તુવેરસીંગ | ૩૦૬ | ૫૦૯ |
| ગલકા | ૬૧૧ | ૮૦૮ |
| બીટ | ૨૦૬ | ૩૮૭ |
| મેથી | ૧૯૯ | ૩૦૮ |
| વાલ | ૮૧૦ | ૯૧૭ |
| ડુંગળી લીલી | ૩૦૭ | ૪૧૯ |
| આદુ | ૯૬૧ | ૧૧૨૩ |
| ચણા લીલા | ૧૦૨ | ૩૯૧ |
| મરચા લીલા | ૩૫૮ | ૭૭૬ |
| હળદર લીલી | ૩૮૧ | ૬૧૯ |
| લસણ લીલું | ૭૦૩ | ૧૨૧૧ |
| મકાઇ લીલી | ૨૧૪ | ૩૧૯ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૫૫૧ |
| ઘઉં લોકવન | ૫૦૪ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦ | ૬૫૦ |
| મગફળી જીણી | ૯૫૧ | ૧૩૨૬ |
| સિંગ ફાડીયા | ૧૨૬૧ | ૧૪૪૬ |
| એરંડા / એરંડી | ૧૦૬૧ | ૧૩૪૧ |
| જીરૂ | ૨૮૫૧ | ૪૦૫૧ |
| કલંજી | ૧૦૦૦ | ૪૪૩૧ |
| ધાણા | ૯૦૧ | ૧૯૨૬ |
| લસણ સુકું | ૯૦૧ | ૨૪૦૧ |
| ડુંગળી લાલ | ૪૧ | ૩૯૧ |
| અડદ | ૯૬૧ | ૧૩૧૧ |
| મઠ | ૪૦૦ | ૭૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૦૧ |
| રાય | ૧૮૨૧ | ૧૮૬૧ |
| મેથી | ૪૫૧ | ૧૧૭૧ |
| કાંગ | ૨૫૦ | ૫૯૧ |
| મરચા | ૮૫૧ | ૪૨૫૧ |
| મગફળી જાડી | ૯૦૧ | ૧૩૫૧ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૯૧૧ |
| મગફળી ૬૬ | ૧૦૫૧ | ૧૫૦૧ |
| તલ - તલી | ૧૪૭૬ | ૨૧૯૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૯૧૧ |
| ડુંગળી સફેદ | ૧૩૧ | ૪૫૬ |
| બાજરો | ૨૫૦ | ૪૮૧ |
| જુવાર | ૫૨૬ | ૯૭૧ |
| મકાઇ | ૩૧૧ | ૩૧૧ |
| મગ | ૮૦૧ | ૧૮૧૧ |
| ચણા | ૯૦૧ | ૧૦૯૬ |

| | | |
|---|---|---|
| વાલ | ૪૨૦ | ૯૦૧ |
| ચોળા / ચોળી | ૬૭૬ | ૧૨૦૧ |
| સોયાબીન | ૬૦૦ | ૯૦૧ |
| અજમાં | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ગોગળી | ૬૦૦ | ૧૧૩૧ |
| વટાણા | ૭૦૦ | ૧૭૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૮૦ | ૩૦૦ |
| દુધી | ૨૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૩૦૦ |
| કાકડી | ૧૬૦ | ૮૦૦ |
| રીંગણા | ૮૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૧૮૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૪૦૦ | ૭૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૩૮૦ | ૧૬૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| અંબાળા | ૬૦૦ | ૭૦૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૨ |
| શેરડી | ૨૦૦ | ૨૪૦ |
| આંબલી | ૮૦ | ૧૦૦ |
| અલાવીપન | ૧૦ | ૧૫ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૧૦૦ | ૫૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૨ | ૬ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૭૦ | ૧૩૧૫ |
| શીંગ ગીરનાર | ૧૦૮૦ | ૧૩૩૫ |
| શિંગ મોટી | ૯૪૫ | ૧૩૫૬ |
| શિંગદાણા | ૧૦૧૦ | ૧૪૨૫ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૦૬૦ | ૨૩૩૫ |
| તલ કાળા | ૨૩૦૦ | ૫૦૯૫ |
| બાજરો | ૨૩૫ | ૩૫૧ |
| જુવાર | ૫૫૬ | ૧૦૦૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૪૯ |
| મગ | ૫૬૦ | ૭૦૦ |
| અડદ | ૬૯૦ | ૧૧૮૦ |
| ચણા | ૭૮૦ | ૧૧૮૦ |
| સફેદ ચણા | ૯૫૩ | ૧૫૭૧ |
| છોલે ચણા | ૧૪૩૨ | ૧૬૪૧ |
| કપાસ | ૯૪૦ | ૧૫૭૧ |
| એરંડા | ૧૧૫૭ | ૧૩૧૩ |
| જીરૂ | ૨૧૫૦ | ૩૭૫૦ |
| રાય | ૧૫૦૦ | ૧૯૫૫ |
| ધાણા | ૧૨૨૦ | ૧૮૫૦ |
| અજમા | ૧૬૩૦ | ૨૧૫૦ |
| મેથી | ૯૦૦ | ૯૪૦ |
| સોયાબીન | ૭૪૫ | ૮૮૭ |
| મરચા લાંબા | ૭૦૦ | ૩૬૨૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૮૧ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૪૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૨૫ |
| તલ કાળા | - | ૩૦૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૮૦૧ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૫૧૧ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૧૩ | ૬૦૭ |
| બાજરો | ૫૧૫ | ૫૩૨ |
| જુવાર | ૮૫૦ | - |
| મગ | ૧૨૦૧ | - |
| અડદ | ૭૫૧ | - |
| ચણા | ૮૭૦ | ૧૦૩૨ |
| એરંડી | ૧૧૨૧ | ૧૨૮૬ |
| મેથી | ૯૪૪ | ૧૦૫૨ |
| ધાણા | ૧૨૩૩ | ૧૩૮૬ |
| સોયાબીન | ૭૯૧ | ૮૬૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૧૦ | ૧૫૨૬ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૦૮૬ | ૧૫૧૫ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ઘઉં | ૪૯૭ | ૪૯૭ |
| ચણા | ૯૧૧ | ૧૦૦૦ |
| અડદ | ૧૦૨૭ | ૧૦૨૭ |
| ધાણા | ૧૩૧૦ | ૧૬૧૬ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૧૩ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૩ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૯૭ | ૫૪૫ |

| | | |
|---|---|---|
| અડદ | ૮૦૦ | ૧૪૭૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૩૫ |
| ધાણા | ૧૬૦૦ | ૧૬૯૫ |
| તુવેર | ૯૦૦ | ૧૦૨૦ |
| સોયાબીન | ૫૫૦ | ૮૫૬ |
| મગફળી | ૭૩૫ | ૧૧૨૦ |
| તલ સફેદ | ૧૧૨૦ | ૧૭૩૦ |
| શીંગદાણા | ૭૦૦ | ૧૨૫૦ |
| લસણ | ૧૩૫૦ | ૧૬૮૦ |
| એરંડી | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૫૧ | ૧૨૭૬ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૩૮૦૧ | ૩૮૦૧ |
| કપાસ | ૯૦૦ | ૧૫૧૮ |
| બાજરો | ૪૦૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૬૨૧ |
| જુવાર | ૮૦૦ | ૧૦૫૬ |
| મગ | ૬૦૦ | ૨૮૫૨ |
| તુવેર | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ચણા | ૫૦૦ | ૯૫૦ |
| એરંડી | ૧૨૧૦ | ૧૨૧૦ |
| સોયાબીન | ૯૦૦ | ૮૨૬ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૮૨ |
| કપાસ મીડીયમ | ૧૦૦૦ | ૧૨૪૦ |
| મગફળી | ૧૦૧૯ | ૧૪૦૧ |
| તલ સફેદ | ૧૬૪૦ | ૧૯૯૦ |
| તલ કાળા | ૩૦૨૦ | ૫૧૪૦ |
| જીરૂ | ૩૨૩૦ | ૩૯૨૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ચણા | ૯૭૦ | ૧૦૮૦ |
| અડદ | ૯૩૦ | ૧૦૮૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૦૯૦ | ૧૫૩૦ |
| મગફળી | ૧૦૭૫ | ૧૩૦૦ |
| તલ કાળા | ૩૬૨૫ | ૩૬૨૫ |
| ઘઉં | ૫૦૫ | ૫૦૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૦૧ |
| અડદ | ૭૫૧ | ૧૨૧૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૧૧ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૨૦૧ |
| સફેદ તલ | ૧૨૦૧ | ૧૯૮૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૭૯૧ |
| લસણ | ૮૦૧ | ૨૩૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૯૬ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૫૨ | ૧૩૩૮ |

| | | |
|---|---|---|
| શીંગ ૩૯ | ૧૦૨૧ | ૧૨૦૫ |
| શીંગ ગીરનાર | ૧૧૫૦ | ૧૩૭૧ |
| શીંગ જી-૨૦ | ૧૧૦૦ | ૧૩૫૧ |
| જુવાર | ૩૨૨ | ૧૦૧૩ |
| બાજરી | ૩૭૧ | ૭૨૦ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૬૭૫ |
| મકાઈ | ૨૫૧ | ૩૮૩ |
| અડદ | ૮૬૦ | ૧૨૫૧ |
| મગ દેશી | ૯૬૦ | ૩૮૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૮૫ |
| ચણા | ૮૦૦ | ૯૯૯ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૦૦ |
| તુવેર | ૯૦૦ | ૯૦૦ |
| જીરૂ | ૧૦૦૦ | ૩૮૦૧ |
| ડુંગળી લાલ | ૫૦ | ૪૯૨ |
| ડુંગળી સફેદ | ૧૫૧ | ૨૪૭ |
| ડુંગળી સફેદ બીયા | ૨૪૭ | ૫૦૪ |
| કપાસ શંકર | ૯૪૮ | ૧૫૧૧ |
| નાળીયેર | ૪૦૦ | ૨૨૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૮૦ | ૧૪૩૦ |
| મગફળી ૩૨ | ૧૦૭૦ | ૧૩૬૦ |
| બાજરો હાઇબ્રીડ | ૩૫૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૬૬ |
| જુવાર | ૭૫૧ | ૯૬૦ |
| અડદ | ૬૫૦ | ૧૪૬૫ |
| મગ | ૭૦૦ | ૧૫૭૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૨૩ |
| તલ કાળા | ૩૨૫૦ | ૫૧૦૦ |
| સોયાબીન | ૮૨૫ | ૯૦૯ |
| **જામનગર** | | |
| જુવાર | ૩૮૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૭૦ |
| તુવેર | ૯૦૦ | ૧૦૯૫ |
| ચોળી | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૬૦૦ | ૭૩૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૬૫૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૭૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૮૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૦ | ૧૪૯૦ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૮૮૦ |
| લસણ | ૧૨૫૦ | ૨૮૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૨૬૦૦ | ૩૯૦૦ |
| અજમો | ૧૫૦૦ | ૩૫૦૦ |
| અજમાની ભુકી | ૨૦ | ૨૨૦૦ |
| ધાણા | ૧૭૪૫ | ૧૮૯૦ |
| મરચા | ૯૦૦ | ૪૫૦૦ |
| ડુંગળી સુકી | ૩૦ | ૩૯૫ |
| સોયાબીન | ૭૦૦ | ૯૦૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

કોન્ટ્રાક્ટરના મનસ્વી વર્તનને લઈ ગ્રામ પંચાયત સભ્યોમાં ભારે રોષ

# ભૂગર્ભ ગટર મામલે લીલીયા ગ્રામ પંચાયત દ્વારા રોષભેર આવેદન

લીલીયા મોટા,તા.૨૨

લીલીયા મોટા ગામે અંદાજે રૂ.૧૧ કરોડના ખર્ચે ગટર રિનોવેશનનું કામ ચાલી રહ્યું છે. આ કામ અંતર્ગત મુળદાસ વેલ્ડીંગની બાજુમાં આવેલી નહેરમાં ગટર લાઈન નાખવાની કામગીરી હાથ ધરવાની એજન્સીની યોજના સામે લીલીયા ગ્રામ પંચાયત દ્વારા તીવ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયાની આગેવાની હેઠળ ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સદસ્યોએ તાલુકા વિકાસ અધિકારીને આવેદન પત્ર પાઠવી પોતાનો વિરોધ રજૂ કર્યો છે. આવેદનમાં જણાવ્યા મુજબ, સંબંધિત નહેરમાં સીમ તળના પાણી તેમજ ગામના પાણી કાયમી રીતે વહેતા રહે છે. નહેરની લંબાઈ એકથી બે કિ.મી. જેટલી હોવાથી ગટર લાઈન નાખ્યા બાદ તેની સફાઈ અને મેન્ટેનન્સ શક્ય નથી. નહેરમાં કોઈપણ પ્રકારનું વાહન ઉતારીને મેન્ટેનન્સ કરવું અશક્ય હોવાથી ભવિષ્યમાં ગંભીર સમસ્યાઓ ઊભી થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. તેથી ગ્રામ પંચાયતના તમામ સભ્યો તથા સરપંચે આ નહેરમાં ગટર



નાખવાની કામગીરી માટે પોતાનો વિરોધ વ્યકત કર્યો છે. તારીખ ૨૦/૧૨/૨૦૨૫ના રોજ જિલ્લા પંચાયત અમરેલી ખાતે યોજાયેલી ગટર બાબતની બેઠકમાં કાર્યપાલક, નાયબ કાર્યપાલક, જિલ્લા પંચાયતના બે સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ, સભ્ય, કન્સ્ટ્રક્શન એજન્સીના જવાબદાર વ્યક્તિ તથા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. બેઠકમાં નહેરમાં કામ કરવાનો નિર્ણય લેવાયો હોવાનો ઉલ્લેખ છે. ગ્રામ પંચાયતના જણાવ્યા અનુસાર, કામમાં વિક્ષેપ પાડવામાં આવશે તો પોલીસ ફરિયાદ કરવાની ધમકી એજન્સી દ્વારા આપવામાં આવી છે. ગ્રામ પંચાયતે વધુમાં જણાવ્યું છે કે ગામમાં અન્ય અનેક સ્થળોએ તાત્કાલિક જરૂરી ગટર કામો બાકી છે, છતાં એજન્સી દ્વારા મનસ્વી રીતે કામ કરવામાં આવી રહ્યું છે. ગ્રામ પંચાયતને કોઈ વર્ક ઓર્ડર, પ્લાન કે એસ્ટિમેટ આપવામાં આવ્યા નથી અને એક વર્ષથી કામ ચાલું હોવા છતાં દસ્તાવેજો પૂરા પાડવામાં આવ્યા નથી. જો આ રીતે કામ કરવામાં આવશે તો તેની કોઈ જવાબદારી ગ્રામ પંચાયતની રહેશે નહીં અને મિલકતને થયેલ નુકસાન માટે એજન્સી તથા ગટર કમિટી જવાબદાર રહેશે તેમ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

# સુરતમાં પી.પી.સવાણી પરિવારે ૧૩૩ દીકરીને ભાવસભર વિદાય આપી

સુરત, તા.૨૨

પી.પી.સવાણી પરિવારના આંગણે દર વર્ષે યોજાતા પિતાની છત્રછાયા ગુમાવેલી દીકરીના ભવ્ય લગ્ન સમારોહમાં સમાજના અનેક મહાનુભાવો અને અધિકારીઓની હાજરીમાં કન્યા વિદાયના લાગણીશીલ દ્રશ્યો સર્જાયા હતા. દરેક દીકરીના માથે હાથ મૂકીને મહેશ સવાણી પિતા તરીકેની હુંફ આપીને દરેક દીકરીને લગ્ન પછીની તમામ જવાબદારીની ખાતરી પણ આપતા હતા. મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, કોયલડી લગ્ન સમારોહમાં પરણતી ૧૩૩ કન્યા પૈકી ૯૦ ટકા



કન્યા એવી છે જેમના પરિવારમાં પિતા કે ભાઈ કોઈ નથી. અનેક જ્ઞાતિ, સમાજ અને પ્રદેશની દીકરીઓ એક જ માંડવે પરણીને સાસરે જઈ રહી છે. મહેશભાઈએ જણાવ્યું હતું કે, દીકરીઓની પસંદગીના અનેક ધોરણ નક્કી થયા છે એમાં દીકરીના પિતા ન હોય એ પ્રાથમિકતા છે એ પછી જે દીકરીનો ભાઈ ન હોય એવી દીકરીને પ્રાધાન્ય આપીએ છીએ. આજના લગ્ન સમરોહમાં ૫૬ દીકરીએ પ્રભુતામાં પગલા માંડ્યા છે. આ કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય એવી ૧૬ બહેનોના હસ્તે થયું હતું કે જેમણે પોતાના પરિવારજનના અંગદાનની સંમતિ આપી હતી.



સુરતમાં પ્રવૃત એવી જીવનદીપ ઓર્ગન ડોનેશન સંસ્થા દ્વારા અંગદાન માટે સતત જાગૃતિની પ્રવૃત્તિ થતી રહે છે એમણે લગ્ન સમારોહમાં પણ અંગદાન જાગૃતિની પ્રવૃત્તિ કરી હતી. માહ્યરામાં લગ્નવિધિ પહેલા સાસુએ વહુને તુલસી છોડ અર્પણ કરીને સ્વાગત કરીને સ્વીકારી હતી, આ સ્વીકાર માત્ર વહુ તરીકે નહિ પણ એ વહુની તમામ જવાબદારી સાથે એનો સ્વીકાર પ્રતીકાત્મક રીતે મહેશભાઈ સવાણીએ કરાવ્યો હતો. જેને "તુલસીનો ક્યારો" કહેવાય છે, એવી દીકરીઓને સાસુઓએ હાથ પકડી લગ્નમંડપ સુધી દોરી. કોઈ લગ્ન પ્રસંગમાં સાસુઓને આટલું સન્માન અપાયું હોય એવો કદાચ આ પહેલો અવસર હશે. જાણીતા લેખક-વક્તા શૈલેષભાઈ સગપરિયાએ લખેલું વલ્લભભાઈ સવાણીના જીવનચરિત્ર પુસ્તક 'આરોહણ' અને મહેશભાઈ સવાણીના જીવનચરિત્ર પર ડો. જિતેન્દ્ર અઢિયાએ લખેલા પુસ્તક 'પ્રેરણામૂર્તિ' અને પિતાવિહોણી દીકરીઓના લાગણીસભર પત્રોના પુસ્તક 'કોયલડી'નું વિમોચન મહાનુભાવોના હસ્તે થયું હતું. પિતા, પુત્ર અને દીકરીઓના પત્રનું સંકલન કરતુ એવું વિશેષ પુસ્તકનું એક જ મંચ ઉપર એક જ સાથે વિમોચન થયું હોય એવી વિરલ ઘટના બની હતી.

# ખેડામાં ચાર બાળકીઓ પર દુષ્કર્મ કેસમાં આરોપીને આજીવન કેદની સજાનો હુકમ

ખેડા,તા.૨૨

ખેડા જિલ્લાના વસોના ચકચારી બાળકીઓ પર દુષ્કર્મનાં મામલામાં આરોપી ચંદ્રકાંત પટેલ પેઈન્ટરને નડીયાદ સેશન્સ કોર્ટે છેલ્લા શ્વાસ સુધીની સખત કેદની સજાનો હુકમ કર્યો છે. આરોપી સગીર વયની ૮ થી ૧૧ વર્ષની ચાર બાળકીઓને ચોકલેટ, બિસ્કિટની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ અને છેડતી કરતો હતો. વિકૃત માનસિકતા ધરાવતો ચંદ્રકાંત પટેલ બાળકીઓ સાથે દુષ્કર્મ આચરી તેના બીભત્સ વીડિયો બનાવી ભોગ બનનાર બાળકીઓને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. સરકારી વકીલ પ્રેમ તિવારીએ જણાવ્યું હતું કે, આજે નામદાર કોર્ટમાં આ કેસના આરોપી ચંદ્રકાંત પટેલને નામદાર કોર્ટે ઈપીકો કલમ તથા પોક્સો એક્ટની અલગ-અલગ કલમોમાં કુલ બે કલમોમાં જીવનના છેલ્લા શ્વાસ સુધી અને અલગ-અલગ કલમોમાં દસ વર્ષ, પાંચ વર્ષ, ત્રણ વર્ષ એમ અલગ-અલગ કલમોની અલગ-અલગ સજા કરેલી છે.

# અમરેલી નાગરિક સહકારી બેંકની લાલ આંખ: ૩ લોન ડીફોલ્ટરો સામે કોર્ટમાં ફરિયાદ

અમરેલી, તા.૨૨

અમરેલી નાગરિક સહકારી બેંક લિ. દ્વારા લોનના હપ્તા ભરવામાં અનિયમિતતા દાખવનાર ત્રણ ડીફોલ્ટરો સામે ચેક રિટર્ન થવા સબબ ચીફ કોર્ટમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. બેંકની આ કડક કાર્યવાહીને પગલે લોનના હપ્તા, વ્યાજ ભરવામાં કે સી.સી. રિન્યુ કરવામાં આળસ કરતા અન્ય બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. બેંક દ્વારા આગામી સમયમાં વધુ કડક પગલાં લેવાના સંકેત પણ આપવામાં આવ્યા છે. જે લોકો વિરૂદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે તેમાં નિર્મળકુમાર અશોકભાઈ શુકલ (રહે. બ્લોક નં. ૯૦૮, ખોડીયાર સોસાયટી, લીલીયા રોડ, મુ. અમરેલી) - રૂપિયા ૩,૩૭,૦૦૦ નો ચેક, શાહનવાજ ઈકબાલભાઈ કુરેશી (રહે. મીની કસબા, શેરી નં. ૨, તારવાડી રોડ, મુ. અમરેલી) - રૂપિયા ૧,૬૦,૦૦૦ નો ચેક અને સાહીલ ઈકબાલભાઈ કુરેશી (રહે. મીની કસ્બા, શેરી નં. ૨, તારવાડી રોડ, મુ. અમરેલી) - રૂપિયા ૧,૦૦,૦૦૦ બાકી લેણાનો સમાવેશ થાય છે. આ કાર્યવાહી થતા અન્ય એવા લોન બાકીદારો કે જેઓ હપ્તા ભરવામાં કે સી.સી. રિન્યુ કરવામાં ઠાગાઠૈયા કરી રહ્યા છે તેમનામાં ફફડાટ વ્યાપી ગયો છે. બેંકની રિકવરીની કામગીરી અંગે દેખરેખ રાખનાર ડિરેક્ટર પી.પી. સોજીત્રાની યાદી જણાવે છે કે હજુ પણ ટૂંક સમયમાં એવા સી.સી. ધારકો કે જેઓ લાંબા સમયથી સી.સી. રિન્યુ કરાવતા ન હોય કે વ્યાજ અને સ્ટોકપત્રક નિયમિત આપતા ન હોય, તેઓની સામે કોઈપણ જાતની શેહશરમ રાખ્યા વગર વસૂલાત અંગેના સખ્ત પગલાં ભરવામાં આવશે.

# અમદાવાદમાં ભક્તિ અને વિજ્ઞાનનો ત્રિવેણી સંગમ: સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર દ્વારા ૨૧ દિવસીય 'મહાવિષ્ણુયાગ'નું આયોજન

અમદાવાદ,તા.૨૨

અમદાવાદના મેમનગર સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલના સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં સુવર્ણ જયંતી મહોત્સવ અંતર્ગત તારીખ ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ૨૧ દિવસીય ભવ્ય 'મહાવિષ્ણુયાગ'નું આયોજન કરવામાં આવ્યું છે. આજથી ૮૦ વર્ષ પૂર્વેના ઐતિહાસિક યજ્ઞનું



પુનરાવર્તન કરતા આ મહોત્સવમાં વૈદિક પરંપરા અને પર્યાવરણ શુદ્ધિનો અનોખો સમન્વય જોવા મળશે. આ યજ્ઞ એક પાવન સ્મૃતિનું પુનરાવર્તન છે, કારણ કે આજથી ૮૦ વર્ષ પૂર્વે ગુરુકુલના સ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે જૂનાગઢ ખાતે આવો જ ભવ્ય ૨૧ દિવસનો મહાવિષ્ણુયાગ કર્યો હતો. વર્તમાનમાં માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરક ઉપસ્થિતિ અને બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ આ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. ૫૧ યજ્ઞકુંડોમાં વિવિધ ઔષધિઓ, ગૌકાષ્ટ અને ગાયના શુદ્ધ ઘીની આહુતિ અપાશે. આ ઔષધિય ધૂમ્રશેષ વાયુમંડળને વાયરસમુક્ત કરી રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને માનસિક શાંતિ પ્રદાન કરે છે.

# ગોંડલ ખાતે કોળી સમાજના અગ્રણી ભુપતભાઈ ડાભીના નિવાસસ્થાને બાબરા તાલુકાના આગેવાનોની શુભેચ્છા મુલાકાત

ગોંડલ,તા.૨૨

ગોંડલ મુકામે કોળી સમાજના અગ્રણી આગેવાન તથા જૂનાગઢ કોળી સમાજની વાડીના પ્રમુખ ભુપતભાઈ ડાભીના નિવાસસ્થાને બાબરા તાલુકા કોળી સમાજના આગેવાનો દ્વારા એક શુભેચ્છા મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન



આગેવાનોએ ભુપતભાઈ ડાભીના ખબર-અંતર પૂછ્યા હતા. સાથે જ સમાજના હિત, એકતા અને આગામી સમયમાં થનારા કાર્યો અંગે આત્મીય ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# અમદાવાદમાં થર્ટી ફર્સ્ટ પૂર્વે ડ્રગ્સ અને દેહવ્યાપાર થતો હોવાના વીડિયો વાયરલ


અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં દારૂબંધીના મોરચે પ્રવર્તતી હકીકત સૌ કોઈથી અજાણી નથી. હવે એ જ પ્રકારની સ્થિતિ ડ્રગ્સના મોરચે પણ સર્જાઈ રહી હોય તેવા સંકેતો મળવા લાગ્યા છે. થર્ટી ફર્સ્ટની ઉજવણીના બહાને સામે આવી રહેલા ચિંતાજનક ટ્રેન્ડે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. ૩૧ ડિસેમ્બરની ઉજવણીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે તંત્ર નશીલા પદાર્થનો નાશ કર્યાના વીડિયો જાહેર કરવામાં વ્યસ્ત દેખાય છે. પરંતુ બીજી તરફ, અમદાવાદના પોશ વિસ્તારોમાં 'એમડી ડ્રગ્સ અને રૂપલલનાઓ'ને લઈ એક અત્યંત ખતરનાક અને હાઈ-પ્રોફાઈલ રેકેટ નવા જ આયામો સર કરી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો સામે આવી રહ્યા છે.

# ઓપરેશન મ્યુલ હન્ટ : જૂનાગઢના બેન્ક ખાતાઓમાં ૩૦૦ કરોડથી વધુ જમા થયા

જુનાગઢ,તા.૨૨

એક અઠવાડિયાથી સાયબર ક્રાઈમને લઈને જૂનાગઢ પોલીસ દ્વારા ઓપરેશન મ્યુલ હન્ટ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં અત્યાર સુધીમાં ૨૫ કરતાં વધારે આરોપીઓ પોલીસ પકડમાં આવી ચૂક્યા છે. ત્યારે આજે જૂનાગઢ પોલીસે વધુ એક મોટા સાઈબર ક્રાઈમ અપરાધનો ખુલાસો કર્યો છે. જેના તાર દુબઈ



સ્થિત સાયબર માફિયાઓ સાથે જોડાતા હવે સાયબર ફ્રોડનું કનેક્શન આંતરરાષ્ટ્રીય પણ બની ગયું છે. સમગ્ર મામલામાં મ્યુલ એકાઉન્ટ બનાવનાર પાંચ આરોપીની જૂનાગઢ પોલીસે અટકાયત કરી છે. આ ખાતામાં ૩૦૦ કરોડથી વધુ રકમ જમા થઈ છે.


-:: જાહેરપ્રસિધ્ધની નોટીસ ::-

**રાજુલાના મહે. પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. રાજુલા**

દિ.પ.અ.ન. ૧૭૫/૨૦૨૬
મુ.તા.૦૫/૦૧/૨૦૨૬

અરજદારો :- ગુજ. જીણાભાઈ કથડભાઈ વાઘ ના વારસો
(૧) નાથાભાઈ જીણાભાઈ વાઘ
(૨) રામભાઈ જીણાભાઈ વાઘ
(૩) બુધાભાઈ જીણાભાઈ વાઘ
(૪) જીવણીબેન જીણાભાઈ વાઘ તે ગુજ. પુત્રી તે જેઠુરભાઈ મીઠાભાઈ લાખણોત્રા ના પત્ની ઉ.વ. ૪૫
રહે.બધા રામપરા-૨, તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળાઓ : (૧) શ્રી સરકાર વિગેરે-૩

આથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જણાવવામાં આવે છે કે -

મથાળે લખ્યા અરજદારે અત્રેની કોર્ટમાં દિવાની પરચુરણ અરજ દાખલ કરી જણાવેલ છે કે, લાગતા વળગતા ઈસમો તથા સંસ્થાઓને આ નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, ઉપર કહ્યા અરજદારે તેઓના વિ.વકીલશ્રી એમ.જે.સૈયદ મારફતે ઉપરોક્ત નંબરથી લેન્ડ રેફ.કેસ નં. ૪૬૩/૨૦૧૭ માં થયેલ હુકમ મુજબ સરકારશ્રી દ્વારા કોર્ટમાં જમા થયેલ રકમ ચુકવી આપવા માટે દિ.પ. અરજી દાખલ કરેલ છે. તો જે કોઈને વાંધો તકરાર હો તો મુ.તા.૫/૧/૨૦૨૬ ના સુધીમાં તેઓ જાતે અથવા તેમના વકીલશ્રી કે મુખત્યાર મારફત જરૂરી આધાર પુરાવા સાથે વાંધાઓ આપવા સારૂ હાજર રહેવા જણાવવામા આવે છે. અત્રે કોઈ વાંધો તકરાર રજુ નહીં થાય તો યોગ્ય યોગ્ય તે આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા.૧૫મી માહે-ડીસેમ્બર - ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

| તૈયાર કરનાર | તપાસનાર | હુકમથી |
|---|---|---|
| સહી, | સહી, | સહી, |
| આસી. | હેડ ક્લાર્ક | રજીસ્ટ્રાર |
| પ્રિન્સી.સની.સીવીલ કોર્ટ રાજુલા | પ્રિન્સી.સની.સીવીલ કોર્ટ રાજુલા | પ્રિન્સી.સની.સીવીલ કોર્ટ રાજુલા |


# અમદાવાદ આંબલી રેલવે સ્ટેશન પર ચાલતી ટ્રેનમાં ભોજન કરતા હોય લોકોને તેવો અનુભવ થશે


અમદાવાદ,તા.૨૨

અમદાવાદમાં લોકો રેલવેના કોચમાં બેસીને જમવાની મજા માણી શકશે. અમદાવાદીઓને ક્રૂઝ રેસ્ટોરન્ટ, એરોપ્લેન રેસ્ટોરન્ટ બાદ હવે રેલ રેસ્ટોરન્ટનો લ્હાવો મળશે. આ સુવિધા પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન દ્વારા આંબલી રેલવે સ્ટેશન ખાતે ઉભી કરવામાં આવી રહી છે. જ્યાં જાન્યુઆરી મહિનાથી લોકોને ચાલતી ટ્રેનમાં ભોજન કરતા હોય તે પ્રકારનો અનુભવ મળી રહેશે. શહેરના આંબલી રોડ સ્ટેશન પર રેલ કોચ રેસ્ટોરન્ટનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ રેલ કોચ રેસ્ટોરન્ટ અમદાવાદની પ્રથમ રેસ્ટોરન્ટ બનશે. રેલ કોચ રેસ્ટોરન્ટની સુવિધા અને ખાસિયત શું છે? પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં હાલમાં વિવિધ સ્ટેશનના ડેવલપમેન્ટ સાથે મુસાફરોને આકર્ષવા માટેનો પ્રયાસ થઈ રહ્યો છે. જ્યાં મુસાફરોને આકર્ષવા રેલવે દ્વારા આંબલી રોડ રેલવે સ્ટેશન પર આધુનિક 'રેલ કોચ રેસ્ટોરન્ટ'નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ અનોખી પહેલ હેઠળ પરિવર્તિત રેલ કોચમાં રેસ્ટોરન્ટ વિકસાવવામાં આવી રહ્યું છે. જ્યાં બેસીને લોકો મુસાફરી કર્યા વિના જ ચાલતી ટ્રેનમાં હોવાનો અનુભવ મેળવી શકશે અને સાથે જ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ પણ માણી શકશે.

# કોડીનારમાં ૪ દિવસથી આતંક મચાવતો દીપડો આખરે પાંજરે પુરાયો

કોડીનાર,તા.૨૨

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર-મૂળદ્વારકા રોડ પર છેલ્લા ૪ દિવસથી ભયનો માહોલ પેદા કરનાર નર દીપડો આખરે વહેલી સવારે વન વિભાગના પાંજરામાં કેદ થયો છે. ૩ થી ૫ વર્ષની વયના આ દીપડાને પકડવા માટે વન વિભાગની ટીમોએ રાત-દિવસ એક કર્યા હતા, જેના સફળ પરિણામને પગલે સ્થાનિક રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. કોડીનાર શહેર અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા ૪ દિવસથી દીપડાની અવરજવરને કારણે જનતામાં ફફડાટ હતો. કોડીનાર-મૂળદ્વારકા



રોડ પરના રહેણાંક વિસ્તારમાં ધામા નાખનાર આ દીપડાને પકડવા માટે વન વિભાગની ટીમો સતત પ્રયત્નશીલ હતી. અગાઉ આ દીપડો રોડ ક્રોસ કરતા મુસાફરોની નજરે ચડ્યો હતો અને ત્યારબાદ ગીચ ઝાડીઓમાં છુપાઈ ગયો હતો, જેના કારણે સ્થાનિકોમાં ભય વ્યાપેલો હતો. જામવાળા રેન્જ ફોરેસ્ટ ઓફિસર બી.બી. વાળાના સીધા માર્ગદર્શન હેઠળ, રાઉન્ડ ફોરેસ્ટર સોલંકી અને છારા રાઉન્ડની વન વિભાગની ટીમે દીપડાને પકડવા માટે વ્યૂહાત્મક રીતે પાંજરા ગોઠવ્યા હતા અને સતત મોનિટરિંગ કર્યું હતું. આ મહેનતને અંતે આજે વહેલી સવારે દીપડો પાંજરે પુરાયો હતો. વન વિભાગની ટીમે કોઈ પણ જાનહાનિ કે અનિચ્છનીય ઘટના વગર દીપડાને સુરક્ષિત રીતે કેદ કરતા લોકોએ હાશકારો અનુભવ્યો છે.


**CHANGE OF NAME**

I Undersigh I MUNJAPARA SHITALBEN PIYUSHBHAI have changed my name from MUNJPARA SHITAL PIYUSHKUMAR To MUNJAPARA SHITALBEN PIYUSHBHAI Now i will be known as MUNJAPARA SHITALBEN PIYUSHBHAI

Sigh : MUNJAPARA SHITALBEN PIYUSHBHAI


Address: BLOCK NO-28,SHIV RESIDANCY, PLOT 28,2 OPP KHARAVADI,AT-AMRELI-365601

# યુપીના ગાઝિયાબાદ અને બિજનોરમાં માર્ગ અકસ્માતમાં ૬ લોકોના કરૂણ મોત

(એચ.એસ.એલ),ગાઝિયાબાદ,તા.૨૨

ઉત્તર પ્રદેશના બે શહેરોમાંથી દુઃખદ અકસ્માતોના સમાચાર આવ્યા. પ્રથમ ઘટનામાં, ગાઝિયાબાદમાં બે બાઈક અથડાયા, જેમાં બે લોકોના મોત થયા. બીજી ઘટનામાં, ચાર લોકોએ જીવ ગુમાવ્યા. બીજી ઘટના બિજનોરમાં બની હતી, જ્યાં એક ક્રેટા કાર ડમ્પર સાથે અથડાઈ હતી. બાઈક અકસ્માતમાં ત્રણ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી બેની હાલત ગંભીર છે. દરમિયાન, બિજનોરમાં કાર અકસ્માતમાં કારમાં સવાર ચારેય લોકોના મોત થયા હતા.

ગાઝિયાબાદમાં બે બાઈક અથડાઈ હતી. અકસ્માતમાં બે લોકોના મોત થયા હતા, અને બે અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ અકસ્માત રવિવારે રાત્રે લગભગ ૧૨:૦૦ વાગ્યે તનુ શ્રી ફાર્મની સામે નેશનલ



હાઈવે ૯ સર્વિસ રોડ પર થયો હતો. વેવ સિટી પોલીસ સ્ટેશન વિસ્તારના ડાસનાના રહેવાસી રઈસુદીન સ્પ્લેન્ડર બાઈક પર ડાસના તરફ જઈ રહ્યા હતા. તેમની સાથે ખોડાની એક મહિલા પણ હતી. ત્રણ યુવાનો, અમન, વિપિન અને પ્રેમ, એવેન્જર બાઈક પર વિરુદ્ધ દિશામાંથી આવી રહ્યા હતા.

અચાનક, બંને બાઈક સામસામે અથડાઈ ગયા. સ્થાનિક લોકોની મદદથી, તમામ ઘાયલોને તાત્કાલિક મણિપાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોએ અમન અને રશુદીનને મૃત જાહેર કર્યા.

# ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષમાં ભાજપને કુલ ૬,૬૫૪ કરોડના દાન સાથે ૬૮ ટકાનો વધારો

નવીદિલ્હી,તા.૨૨

ભારતીય જનતા પાર્ટીને ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષ દરમિયાન કુલ ૬,૬૫૪.૯૩ કરોડનું દાન મળ્યું, જે પાછલા વર્ષ કરતા ૬૮ ટકા વધુ છે. આ તે જ વર્ષે છે જ્યારે લોકસભાની ચૂંટણીઓ યોજાઈ હતી. સભ્યપદની દ્રષ્ટિએ વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષ ભાજપે છેલ્લા નાણાકીય વર્ષ માટેનો દાન અહેવાલ ચૂંટણી પંચને સુપરત કર્યો હતો. આ રિપોર્ટ ૮ ડિસેમ્બરે, સમયમર્યાદાના બે દિવસ પહેલા સબમિટ કરવામાં આવ્યો હતો. ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ આ રિપોર્ટમાં ૨૦,૦૦૦ થી વધુના તમામ દાનની વિગતો સામેલ છે. રિપોર્ટ અનુસાર, આ દાન ૧ એપ્રિલ, ૨૦૨૪ થી ૩૦ માર્ચ, ૨૦૨૫ વચ્ચે પ્રાપ્ત થયું હતું. આ સમયગાળામાં લોકસભાની ચૂંટણીઓ તેમજ અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, આંધ્ર પ્રદેશ, ઓડિશા, જમ્મુ અને કાશ્મીર, હરિયાણા, ઝારખંડ, મહારાષ્ટ્ર અને દિલ્હીની



વિધાનસભાની ચૂંટણીઓનો સમાવેશ થાય છે. ભાજપને ગયા નાણાકીય વર્ષમાં મળેલા દાન કરતા, આ વર્ષે ૬૮ ટકા વધારે દાન મળ્યું છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતીય જનતા પાર્ટીને મળેલા કુલ દાનના આશરે ૪૦ ટકા ચૂંટણી ટ્રસ્ટોમાંથી આવ્યા હતા.) પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટઃ ૨,૧૮૦ કરોડ, પ્રોગ્રેસિવ ઈલેક્ટોરલ ટ્રસ્ટઃ ૭૫૭ કરોડ, ન્યૂ ડેમોક્રેટિક ઈલેક્ટોરલ ટ્રસ્ટઃ૧૫૦ કરોડ, કુલ ૩,૧૧૨.૫ કરોડ અન્ય ટ્રસ્ટો તરફથી પ્રાપ્ત થયા હતા, બાકીના દાન કંપનીઓ અને વ્યક્તિગત દાતાઓ તરફથી આવ્યા હતા.

## બાંગ્લાદેશમાં હિન્દુ ધાર્મિક સંગઠનો અને લઘુમતી જૂથોનું નેશનલ પ્રેસ ક્લબ સામે વિરોધ પ્રદર્શન

નવીદિલ્હી,તા.૨૨


બાંગ્લાદેશમાં એક હિન્દુ યુવાનની ક્રૂર હત્યા અને ત્યારબાદ સળગાવી દેવાથી હિન્દુ સમુદાયમાં આક્રોશ ફેલાયો છે. બાંગ્લાદેશમાં હિન્દુ ધાર્મિક સંગઠનો અને લઘુમતી જૂથોએ સોમવારે નેશનલ પ્રેસ ક્લબ સામે વિરોધ પ્રદર્શન કર્યું, મૈમનસિંઘ શહેરમાં દીપુ ચંદ્ર દાસની મોબ લિંચિંગનો વિરોધ કર્યો. હિન્દુ સમુદાયના સભ્યો પણ ઢાકાના ઢાકેશ્વરી મંદિરમાં ભેગા થયા, હત્યાનો વિરોધ કર્યો અને સરકારની ટીકા કરી. લોકોએ આ પ્રસંગે દીપુ ચંદ્ર દાસને શ્રદ્ધાંજલિ પણ આપી.

પ્રદર્શન દરમિયાન, લઘુમતી અધિકાર ચળવળના વિદ્યાર્થી પ્રતિનિધિ સુષ્મિતા કારે જણાવ્યું હતું કે, "૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, ન્યાયના નામે ભીડે દીપુ ચંદ્ર દાસ નામના વ્યક્તિની ક્રૂરતાથી હત્યા કરી હતી. તે નિર્દોષ હતો. અમને માહિતી મળી હતી કે તેનો તેના સાથીદારો સાથે વિવાદ થયો હતો અને તેણે અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો.

# શેરબજારમાં પહેલા દિવસે સેન્સેક્સ ૬૩૮ પોઈન્ટ વધ્યો, નિફ્ટીમાં પણ વધારો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૨

શેરબજારમાં આજે જોરદાર ઉછાળો જોવા મળ્યો. સોમવારે, બજાર સતત બીજા દિવસે વધારા સાથે બંધ થયું. આજે, BSE સેન્સેક્સ ૬૩૮.૧૨ પોઈન્ટ (૦.૭૫%) વધીને ૮૫,૫૬૭.૪૮ પોઈન્ટ પર બંધ થયો. એનએસઈ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨૦૬.૦૦ પોઈન્ટ (૦.૭૯%) વધીને ૨૬,૧૭૨.૪૦ પોઈન્ટ પર બંધ થયો. નોંધનીય છે કે આજે, ઈન્ડિગો (ઈન્ટરગ્લોબ એવિએશન) બીએસઈના ૩૦-શેર બેન્ચમાર્ક ઈન્ડેક્સ, સેન્સેક્સમાં પ્રવેશ્યો અને ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ તેમાંથી બહાર નીકળી ગયો. નોંધનીય છે કે ગયા અઠવાડિયે, બીએસઈ સેન્સેક્સ ૩૩૮.૩ પોઈન્ટ (૦.૩૯%) ના ઘટાડા સાથે



બંધ થયો અને નિફ્ટી ૮૦.૫૫ પોઈન્ટ (૦.૩૦%) ના ઘટાડા સાથે બંધ થયો હતો. સોમવારે, સેન્સેક્સની ૩૦ માંથી ૨૫ કંપનીઓના શેર વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયા, જ્યારે બજાજ ફાઈનાન્સના શેર યથાવત બંધ થયા. ચાર અન્ય કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ નિશાનમાં બંધ થયા. એ જ રીતે, નિફ્ટી ૫૦ કંપનીઓમાંથી ૩૮ ના શેર વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયા, જ્યારે બાકીની ૧૨ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ નિશાનમાં બંધ થયા.

## તબીબી સલાહ વિના કોડીન સીરપનું સેવન ન કરવું જોઈએ : યોગી

લખનૌ,તા.૨૨

યુપી વિધાનસભામાં કોડીન સીરપ મુદ્દે બોલતા, મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે તબીબી સલાહ વિના તેનું સેવન ન કરવું જોઈએ. આ ખાસ કરીને બાળકો માટે સાચું છે, પરંતુ પુખ્ત વયના લોકો પણ તેને ડૉક્ટરની સલાહ પર લે છે. દરેક વ્યક્તિને ઉધરસ આવે ત્યારે સીરપ લે છે, પરંતુ ડૉક્ટરની સલાહ લીધા પછી જ. સપા ધારાસભ્યો પર કટાક્ષ કરતા સીએમ યોગીએ કહ્યું, "તમારો શિક્ષણ સાથે કોઈ સંબંધ નથી, તેથી તમે હંમેશા આવી વાતો કરો છો." કોડીન સીરપ કેસમાં લેવાયેલી કાર્યવાહી પર બોલતા સીએમ યોગીએ કહ્યું, "સરકારે અત્યાર સુધીમાં ૭૯ કેસ દાખલ કર્યા છે. ૨૨૫ આરોપીઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૭૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ૧૩૪ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. મારું માનવું છે કે જો તમે આમાં ઊંડાણપૂર્વક તપાસ કરો તો આ એક જ કેસ છે.

# વિકસિત ભારત-G Ram G કાયદો બનતા સોનિયા ગાંધીએ મોદી સરકારની ટીકા કરી

નવીદિલ્હી,તા.૨૨

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમને હવે વિકસિત ભારત-G Ram G કાયદા દ્વારા બદલવામાં આવ્યો છે. સંસદના શિયાળુ સત્રમાં પસાર થયેલા આ બિલને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા ૨૧ ડિસેમ્બરે મંજૂરી આપવામાં આવી હતી. ગ્રામીણ વિસ્તારોમાં ૧૦૦ દિવસની રોજગારની



ગેરંટી આપતા આ કાયદામાં થયેલા ફેરફારો અંગે કોંગ્રેસ પાર્ટી સતત સરકાર પર હુમલો કરી રહી છે. તાજેતરના વિકાસમાં, કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ એક વિગતવાર લેખમાં મોદી સરકારની નીતિઓની ટીકા કરી હતી.

સોનિયા ગાંધીએ ચેતવણી આપી છે કે મનરેગા કાયદાને નાબૂદ કરવાથી દેશના ગ્રામીણ વિસ્તારોમાં ગંભીર પરિણામો આવશે. તેમણે સરકારને અનેક અન્ય મુદ્દાઓ પર તીખા સવાલો ઉઠાવ્યા છે, જેનાથી વડાપ્રધાન સહિત સમગ્ર સરકાર મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે.

# કાશ્મીરના ગુલમર્ગમાં હિમવર્ષા શરૂ થતા પ્રવાસીઓ ઉમટી પડ્યા

શ્રીનગર,તા.૨૨

જ્યારે ખીણની સૌથી ઠંડી ઋતુ શરૂ થઈ ગઈ છે, ત્યારે તે પ્રવાસીઓ માટે એક મુખ્ય આકર્ષણ પણ છે. કુદરતે કાશ્મીરના શિયાળાના વેકેશનનો આનંદ માણવા આવેલા પ્રવાસીઓને બરફની અઢળક ભેટ આપી છે. પ્રવાસીઓ ખુશ દેખાતા હતા. ગુલમર્ગ અને સોનમર્ગમાં બરફ ઉપરાંત, શ્રીનગરની ઠંડી પણ પ્રવાસીઓને આકર્ષી રહી છે. ગુલમર્ગમાં ગઈકાલે મોડી રાત્રે હિમવર્ષા શરૂ થઈ હતી. બરફવર્ષાના સમાચાર સાંભળીને ખીણમાં પ્રવાસીઓ આ વિસ્તારમાં ઉમટી પડ્યા હતા. ગોંડોલા ફેઝ ૧ માં વહેલી સવારથી જ ભીડ હતી. ગોંડોલા રાઈડ માટે કતારમાં પ્રવાસીઓનો ઉત્સાહ પ્રતિબિંબિત થાય છે.

ગોંડોલા ફેઝ ૧ પર દિલ્હીથી



આવેલી મહિમા ગુપ્તાએ જણાવ્યું કે તે બે દિવસ પહેલા તેના પરિવાર સાથે શ્રીનગર પહોંચી હતી. રવિવારે બરફવર્ષાના સમાચાર સાંભળ્યા પછી, તેણીએ તરત જ આવવાનું આયોજન કર્યું અને કેબ લીધી. કાશ્મીરના શિયાળાનો આનંદ માણવા માટે આવી હતી, બરફવર્ષાએ મજા બમણી કરી દીધી. કોલકાતાના પ્રવાસી રવિન્દરે કહ્યું કે તેમને બરફવર્ષાની અપેક્ષા હતી અને તે પૂરી થઈ. ખૂબ સારું લાગે છે. પરિવાર સાથે અહીં આવ્યા છીએ. બરફમાં રમવાની બાળકોની ઈચ્છા પૂર્ણ થઈ છે.

# યોગ્ય સમય આવશે ત્યારે નિવૃત્તિ અંગે નિર્ણય લઈશ : કેન વિલિયમસન

નવીદિલ્હી,તા.૨૨

૩૫ વર્ષીય વિલિયમસન હાલમાં તે પસંદગીના કેટલાક ખેલાડીઓમાંનો એક છે જેમની પાસે ન્યૂઝીલેન્ડ ક્રિકેટ સાથે કેઝ્યુઅલ કરાર છે. વિલિયમસન હાલમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની ઘરઆંગણે ટેસ્ટ શ્રેણીમાં ન્યૂઝીલેન્ડ ટીમનો ભાગ છે. જોકે, જાન્યુઆરી ૨૦૨૬ માં ભારત સામેની વનડે શ્રેણી માટે તે ઉપલબ્ધ



ન રહે તેવી શક્યતા છે, જેના કારણે તેની વનડે કારકિર્દી અંગે અટકળોને વેગ મળ્યો છે.

તેના આંતરરાષ્ટ્રીય ભવિષ્ય વિશે વાત કરતા, કેન વિલિયમસને સ્પષ્ટતા કરી કે તે કોઈ મોટા નિર્ણયો લેવાની ઉતાવળમાં નથી અને હાલમાં શ્રેણી-દર-શ્રેણી બાબતો લઈ રહ્યો છે. તેણે કહ્યું કે તે યોગ્ય સમય આવશે ત્યારે નિવૃત્તિ અંગે અંતિમ નિર્ણય લેશે. વિલિયમસને એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે તે હાલમાં શ્રેણી-દર-શ્રેણી વિશે વિચારી રહ્યો છે.

## ચૂંટણી પંચ ફક્ત ભાજપના ઈશારે જ કામ કરી રહ્યુ છે : મમતા બેનરજી

કોલકતા,તા.૨૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ ચૂંટણી પંચ પર ગંભીર આરોપો લગાવ્યા છે. કોલકાતામાં એક પાર્ટી મિટિંગમાં મમતાએ કહ્યું કે ચૂંટણી પંચ હવે સ્વતંત્ર સંસ્થા તરીકે કામ કરી રહ્યું નથી પરંતુ ભાજપના નિર્દેશો પર કાર્ય કરી રહ્યું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દરમિયાન મતદાર યાદી તૈયાર કરવામાં નોંધપાત્ર ભૂલો કરવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો કે ચોક્કસ સમુદાયોના મતોથી વંચિત રહેવા માટે આ પ્રક્રિયા જાણી જોઈને હાથ ધરવામાં આવી રહી છે. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે SIR પ્રક્રિયા દરમિયાન નિષ્ક્રિય રહેલા કાઉન્સિલરો અને પાર્ટી કાર્યકરો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે બૂથ-સ્તરના એજન્ટોને સતર્ક રહેવા અને મતદારોનું રક્ષણ કરવા સૂચના આપી હતી.

## ફતેહપુરમાં રાજ્યપાલ આનંદીબેન પટેલે સરસ્વતી બાલિકા વિદ્યા મંદિરના કાર્યક્રમમાં ભાગ લીધો

(એચ.એસ.એલ),ફતેહપુર,તા.૨૨

ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ સોમવારે ફતેહપુર પહોંચ્યા, જ્યાં તેમણે સરસ્વતી બાલિકા વિદ્યા મંદિરમાં આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો. આ પ્રસંગે, તેમણે શાળાના નવા મકાનનું ઉદ્‌ઘાટન કર્યું. આ પછી, આંગણવાડી કાર્યકરોને કીટનું વિતરણ



કરવામાં આવ્યું, મહિલાઓને પોષણ કીટ આપવામાં આવી અને વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું.

આંગણવાડી પ્રણાલી વિશે બોલતા, રાજ્યપાલે કહ્યું કે શૂન્યથી છ વર્ષની વયના બાળકો માટે આંગણવાડી કેન્દ્રો સૌથી મહત્વપૂર્ણ સહાયક પ્રણાલી છે, પરંતુ લાંબા સમયથી તેમના પર જરૂરી ધ્યાન આપવામાં આવ્યું નથી.

# રશિયાએ એક અઠવાડિયામાં યુક્રેન પર ૧,૩૦૦ ડ્રોન, ૧,૨૦૦ ગાઈડેડ બોમ્બ અને નવ મિસાઈલ છોડી : ઝેલેન્સકી

મોસ્કો,તા.૨૨

રશિયા યુક્રેન પર સતત મોટા હુમલા કરી રહ્યું છે. આ વાત ખુદ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ કહી હતી. ઝેલેન્સકીએ દાવો કર્યો હતો કે રશિયાએ ગયા અઠવાડિયે યુક્રેન પર ૧,૩૦૦ ડ્રોન, આશરે ૧,૨૦૦ ગાઈડેડ બોમ્બ અને નવ મિસાઈલો છોડ્યા હતા. ઘણા દેશો તરફથી મળેલી સહાય પર પ્રકાશ પાડતા, રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું હતું કે યુરોપિયન કાઉન્સિલે ૨૦૨૬-૨૭ માટે ૯૦ બિલિયન યુરો ફાળવ્યા છે, તેમજ નોર્વે અને જાપાન તરફથી સહાય પેકેજો અને પોર્ટુગલ સાથે દરિયાઈ ડ્રોન કરાર પણ કર્યો છે.

ઝેલેન્સકીએ કહ્યું, "ઓડેસા પ્રદેશ અને ખાસ કરીને આપણો દક્ષિણ વિસ્તાર ભારે અસરગ્રસ્ત થયો હતો. અમારી સેવાઓ આ વિસ્તારોમાં સામાન્ય જીવન



પુનઃસ્થાપિત કરવા માટે તેમનું કાર્ય ચાલુ રાખી રહી છે. અમે આ રશિયન આતંકનો ઘણા સ્તરે સામનો કરી રહ્યા છીએ. યુક્રેન અને યુનાઈટેડ સ્ટેટ્સની વાટાઘાટ ટીમો આ યુદ્ધને માનનીય શાંતિ સાથે સમાપ્ત કરવાના માર્ગો પર કામ કરી રહી છે. આક્રમક વ્યક્તિએ સમજવું જોઈએ કે યુદ્ધ કોઈ ભલું કરતું નથી અને હંમેશા જ્યાંથી શરૂ થયું હતું ત્યાં જ પાછું ફરે છે. હું યુક્રેનને મદદ કરી રહેલા દરેકનો આભાર માનું છું." આપણે આપણા દેશની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત બનાવવી જોઈએ જેથી રાજદ્વારીને રક્તપાતનો અંત લાવવાની તક મળે.

# ઈન્ડોનેશિયામાં મુખ્ય ટાપુ પર થયેલા માર્ગ અકસ્માતમાં ૧૬ લોકોના મોત

(એચ.એસ.એલ),જકાર્તા,તા.૨૨

ઈન્ડોનેશિયામાં એક દુઃખદ માર્ગ અકસ્માત થયો છે. જાવાના મુખ્ય ટાપુ પર આ માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા છે અને ઘણા મુસાફરો ઘાયલ થયા છે. ટોલ રોડ પર ડ્રાઈવરે બસ પરનો કાબુ ગુમાવતા અકસ્માત થયો. બસ પછી કોંક્રિટ રોડ ડિવાઈડર સાથે અથડાઈ અને પછી પલટી ગઈ.

ઈન્ડોનેશિયામાં થયેલા માર્ગ અકસ્માત અંગે અધિકારીઓએ જણાવ્યું હતું કે બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. શોધ અને બચાવ એજન્સીના વડા બુડિયોનોએ જણાવ્યું હતું કે બસમાં ૩૪ લોકો સવાર હતા. તેમણે જણાવ્યું હતું કે આંતર-પ્રાંતીય બસ રાજધાની જકાર્તાથી દેશના સૌથી જૂના શહેર યોગ્યાકાર્તા જઈ રહી હતી, ત્યારે તે મધ્ય જાવાના સેમરંગમાં ક્રાપ્યાક ટોલવે પર એક વળાંક પર પલટી ગઈ.



બુડિયોનોએ જણાવ્યું હતું કે પોલીસ અને બચાવ ટીમો અકસ્માતના લગભગ ૪૦ મિનિટ પછી ઘટનાસ્થળે પહોંચી હતી અને છ મુસાફરોના મૃતદેહ બહાર કાઢ્યા હતા. બુડિયોનોએ જણાવ્યું હતું કે હોસ્પિટલ લઈ જતા રસ્તામાં અથવા સારવાર દરમિયાન ૧૦ અન્ય લોકોના મોત થયા હતા. તેમણે કહ્યું હતું કે નજીકની બે હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા ૧૮ પીડિતોમાંથી પાંચની હાલત અતિ ગંભીર છે અને ૧૩ની હાલત ગંભીર છે. "અકસ્માત એટલો ગંભીર હતો કે ઘણા મુસાફરો બસમાંથી નીચે પટકાઈ ગયા અને અંદર ફસાઈ ગયા," એમ બુડિયોનોએ જણાવ્યું હતું.

જિલ્લા પોલીસ વડા દ્વારા ચાર ટીમ બનાવવામાં આવી

# ૩૧ ડિસેમ્બરને લઈ અમરેલી જિલ્લામાં ૩૧ ચેકપોઈન્ટ બનાવવામાં આવશે

**હોટલ, રિસોર્ટ સહિતના સ્થળો પર પોલીસ સતત નજર રાખશે**

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં ૩૧ ડિસેમ્બરને લઈ જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં દારૂના દુષણને ડામવા માટે પોલીસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. આ અંગે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી ૩૧ ડિસેમ્બરને લઈ જિલ્લામાં દારૂના દુષણ તેમજ દારૂની પાર્ટી કરતા ઈસમો પર સખત કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લાના વિવિધ માર્ગો પર શુક્રવારથી કુલ ૩૧ ચેકપોઈન્ટ તૈયાર કરવામાં આવશે



જેમાં બહારથી આવતા વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવશે. જિલ્લામાં આવેલા રિસોર્ટ, હોટલ, ફાર્મહાઉસ પર પણ પોલીસ સતત નજર રાખશે. અમરેલી જિલ્લાના ચાર પોલીસ ડિવિઝન દ્વારા કુલ ચાર પોલીસ અધિકારીઓની ટીમ બનાવવામાં આવી છે. જે સમયાંતરે જે તે વિસ્તારમાં પોલીસ તપાસ કરશે. આમ, ૩૧ ડિસેમ્બરને લઈ અમરેલી જિલ્લા પોલીસ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

# સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી છોડાવવાની માંગ

ગાંધીનગર,તા.૨૨

સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના કુલ ૧૯૭ માછીમારો છેલ્લા છ વર્ષથી પાકિસ્તાનની જેલમાં બંધ હોવાના મુદ્દે આજે માછીમારોના પરિવારજનો ગાંધીનગર સચિવાલય પહોંચ્યા હતા. માછીમારોના પરિવારોએ રાજ્ય સરકાર સમક્ષ પોતાની વેદના રજૂ કરી અને વહેલી તકે આ તમામ માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરાવવા માટે



કેન્દ્ર તથા રાજ્ય સ્તરે અસરકારક પગલાં લેવા વિનંતી કરી હતી. આ મુદ્દે માછીમારોના પ્રતિનિધિ મંડળે રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણી તેમજ નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીને મળી રજૂઆત કરી હતી. પ્રતિનિધિ મંડળે જણાવ્યું હતું કે, દરિયામાં માછીમારી દરમિયાન અજાણતાં આંતરરાષ્ટ્રીય સીમા ઓળંગાઈ જવાથી પાકિસ્તાન દ્વારા આ માછીમારોને ઝડપી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ છેલ્લા છ વર્ષથી તેઓ પાકિસ્તાનની વિવિધ જેલોમાં કેદ છે, જ્યારે તેમના પરિવારજનો આજે પણ તેમની વાપસીની રાહ જોઈ રહ્યા છે. માછીમારોના પરિવારજનોનું કહેવું છે કે, પરિવારના મુખ્ય કમાનારા સભ્યો જેલમાં હોવાના કારણે ઘરના ચૂલા સળગાવવા મુશ્કેલ બન્યા છે.

# સુરતમાં જૈન સમાજની ૭ વર્ષની બાળકીને દિક્ષા લેવા પર કોર્ટે પ્રતિબંધ મુક્યો


સુરત,તા.૨૨

સુરતમાં ૭ વર્ષની બાળકીની જૈન દીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. બાળકીના પિતાએ કોર્ટમાં કરેલી અરજી બાદ કોર્ટે પિતાની અરજી માન્ય રાખી છે. સાથે જ કોર્ટે કહ્યુ કે, બાળક પુખ્ત ન થાય ત્યાં સુધી આવા મોટા નિર્ણયો લઈ શકાય નહી. સુરતની ફેમિલી કોર્ટે એક અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ કિસ્સામાં ૭ વર્ષની બાળકીની દીક્ષા અટકાવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે બાળકના જીવનને અસર કરતા મોટા નિર્ણયોમાં માતા અને પિતા બંનેની સંમતિ અનિવાર્ય છે અને સગીર વયે બાળકની ઈચ્છા કે સમજણ વિના તેને સંસાર ત્યાગ જેવો નિર્ણય લેવડાવવો યોગ્ય નથી. સાત વર્ષની બાળકીની દીક્ષા રોકવા પિતા કોર્ટના શરણે ગયા હતા. સુરત ફેમિલી કોર્ટમાં પિતાની તાત્કાલિક અરજી સ્વીકારાઈ હતી. પિતાએ આક્ષેપ કર્યો હતો કે, પત્નીએ દીક્ષા માટે મુહૂર્ત લઈ લીધું છે. આ દીક્ષા વિવાદને કારણે દંપતી છ મહિનાથી અલગ રહે છે. પિતાને પરિચિતો પાસેથી દીક્ષા વિશે ખબર પડતા બનાવ બહાર આવ્યો હતો.

# ભચાઉ હાઈવે પર ચાર વાહનોની અથડામણથી આગ લાગતા બાળક સહિત બે લોકો થયા ભડથુ

ભુજ,તા.૨૨

મોડી રાતે ભચાઉ હાઈવે પર એક સાથે ચાર વાહનો અથડાયા હતા. જેમાં એક કારમાં આગ લાગવાને કારણે બાળક સહિત બે લોકો બળીને ખાખ થઈ ગયા હતા. ફાયરની ટીમને જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈને પાણીનો મારો ચલાવ્યો હતો. આ અંગે સ્થાનિક પોલીસે ફરિયાદ દાખલ કરી છે. આ અંગે મળતી પ્રાથમિક માહિતી



પ્રમાણે, રવિવારે મોડી રાત્રે ભચાઉ હાઈવે ઉપર કેસરીગઢ રિસોર્ટ પાસે એક સાથે ચાર નાના મોટા વાહનો અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ વાહનોમાં આગ લાગી હતી, જેમાં એક કાર આગની ઝપેટમાં આવી ગઈ હતી. જેમાંથી એક પરિવારને બચાવી લેવામાં આવ્યો હતો. કારમાં સવાર અન્ય લોકો ગંભીર રીતે દાઝી જતાં બાળક સહિત બે લોકોના મોત થયા હતા. જ્યારે અન્ય ઘાયલોને બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા ફાયર વિભાગ તથા પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચ્યા હતા. પોલીસ દ્વારા અકસ્માત અંગે તપાસ હાથ ધરી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# રાજકોટમાં પિતાએ ઠપકો આપીને ફોનનો પાસવર્ડ બદલી નાખતા સગીરનો આપઘાત

રાજકોટ,તા.૨૨

શહેરના ચંદ્રેશનગર વિસ્તારમાં રહેતા ૧૨ વર્ષના છોકરાએ નજીવી બાબતમાં જીવન ટૂંકાવી લીધું છે. સતત મોબાઈલ વાપરવાની આદતને કારણે પિતાએ ઠપકો આપીને ફોનનો પાસવર્ડ બદલી નાખ્યો હતો. જે બાદ ૧૨ વર્ષના કિશોરે આપઘાત કરીને જીવન ટૂંકાવી લીધું છે. શહેરની યુનિવર્સલ સ્કૂલ પાસે રહેતા અને ધોરણ ૭માં અભ્યાસ કરતા સગીરે પિતા ઘરની બહાર જતા આ અંતિમ પગલું ભર્યું હતું. આ કારણે આખા પરિવારમાં શોકનો માહોલ પ્રસરી ગયો છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, ધોરણ ૭માં ભણતો વિદ્યાર્થી શાળાએથી ઘરે આવ્યા બાદ તરત જ મોબાઈલ લઈને બેસી ગયો હતો. રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા પિતા રાકેશભાઈએ તેને ભણવા પર ધ્યાન આપવા માટે ઠપકો આપ્યો હતો. જે બાદ મોબાઈલનો લોક પાસવર્ડ પણ બદલી નાખ્યો હતો.

# પાલનપુરમાં ચાની હોટલ પર બેઠેલા બે યુવક પર ટોળાનો હુમલો, એકનું મોત

પાલનપુર,તા.૨૨

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરના હાઈવે પર એક યુવકની હત્યા થતા ચકચાર મચી છે. પાલનપુર -અમદવાદ હાઈવે પર એક ટોળાંએ ગાદલવાડા ગામના ૨ યુવાનો પર હુમલો કર્યો અને બંને યુવકોને ઢોર માર મારી ગંભીર ઈજાઓ પહોંચડતા એક યુવકનું મોત નિપજ્યું તો એક



યુવક સારવાર અર્થે છે. ત્યારે યુવકની હત્યાની ઘટનાને લઈ પીડિત પરિવારે ટોળામાં આવી હુમલો કરવા મામલે ૨૪ લોકો સામે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે ૨૪ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરી આરોપીઓને રાઉન્ડઅપ કરવા તજવીજ હાથ ધરી છે. બનાવની જો વિગતવાર વાત કરીએ તો, પાલનપુર-અમદવાદ હાઈવે પર આવેલી એક ખાનગી હોટલ નજીક હત્યાની ઘટના સામે આવી છે. ગઈકાલે રાત્રે ગાદલવાડા ગામના ૪ મિત્રો પાલનપુર અમદાવાદ હાઈવે પર આવેલી એક ખાનગી હોટલ નજીક ચાની હોટલ પર બેસવા ગયા હતા.

# રાજ્યમાં અમરેલી ૧૨ ડિગ્રી તાપમાન સાથે સૌથી ઠંડુ શહેર, હજુ ઠંડી વધશે

અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં ફરી એકવાર ઠંડીનું પ્રમાણ વધતું અનુભવાઈ રહ્યું છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે, જેમાં અમરેલીમાં સૌથી ઓછું ૧૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. જો કે, પશ્ચિમી વિક્ષેપના કારણે છેલ્લા કેટલાક દિવસોમાં દિવસના તાપમાનમાં વધારો થયો હતો અને બપોરે મહત્તમ તાપમાન ૩૨ થી ૩૪ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું. હવામાન વિભાગે અગાઉથી આગાહી કરી હતી કે ૨૦ ડિસેમ્બર બાદ રાજ્યમાં ઠંડી વધુ તીવ્ર



બનશે, જેના સંકેતો હવે ધીમે ધીમે દેખાવા લાગ્યા છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ અનુસાર રાજ્યના અનેક શહેરોમાં લઘુત્તમ તાપમાન આ પ્રમાણે નોંધાયું છે. અમરેલી ૧૨.૦° સેલ્સિયસ, અમદાવાદ ૧૪.૮° સેલ્સિયસ, ૩ ગાંધીનગર ૧૪.૬° સેલ્સિયસ, ડીસા ૧૪.૫° સેલ્સિયસ, વલ્લભ વિદ્યાનગર ૧૫.૦° સેલ્સિયસ, વડોદરા ૧૩.૨° સેલ્સિયસ, સુરત ૧૪.૮° સેલ્સિયસ, દમણ ૧૫.૪° સેલ્સિયસ, ભુજ ૧૭.૯° સેલ્સિયસ, નલિયા ૧૪.૦° સેલ્સિયસ કંડલા એરપોર્ટ ૧૪.૪° સેલ્સિયસ, ભાવનગર ૧૪.૬° સેલ્સિયસ, રાજકોટ ૧૫.૫° સેલ્સિયસ નોંધાયું. મધ્ય ગુજરાતમાં પણ ઠંડીનો ચમકારો વધી રહ્યો છે.

# રાજ્ય શિક્ષણ બોર્ડે ધો.૯થી ૧૨ની પરીક્ષાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સમયગાળો લંબાવ્યો

ગાંધીનગર,તા.૨૨

ગુજરાત શિક્ષણ બોર્ડે દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. ધોરણ ૯થી ધોરણ ૧૨ સુધીની પરીક્ષાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સમયગાળો લંબાવી દીધો છે. હવે દરેક કલાક દીઠ ૨૦ મિનિટનો વળતર સમય (વધારો સમય) આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બાદ હવે દિવ્યાંગ વિદ્યાર્થીઓને એક કલાકના પેપર માટે માટે ૨૦ મિનિટ, ૨ કલાકના પેપર માટે ૪૦ મિનિટ તો ત્રણ કલાકના પેપર માટે ૬૦ મિનિટનો વધારાનો સમય મળશે. તો બીજી તરફ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ના વિવિધ પ્રવાહોની પરીક્ષાઓ માટેના ફોર્મ ભરવાની મુદતમાં બે દિવસનો વધારો કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ ૨૪ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ફોર્મ ભરી શકાશે. આવેદનપત્રમાં કોઈપણ પ્રકારના સુધારા કરવાના બાકી હોય કે પ્રિન્સિપાલને એપ્રુવલ આપવાનું બાકી હોય તે કામગીરી પૂર્ણ કરવાની છેલ્લી તારીખ ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ રહેશે. શાળાઓ દ્વારા બાકી રહેતી ચૂકવવાની થતી ફી તારીખ ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ભરી શકાશે.

# બનાસકાંઠાના ચંડીસર જીઆઈડીસીમાં ગેરકાયદેસર ઘી ઉત્પાદનનો પર્દાફાશ

પાલનપુર,તા.૨૨

બનાસકાંઠા જિલ્લાના ચંડીસર જીઆઈડીસીમાં ગેરકાયદેસર રીતે ઘીનું ઉત્પાદન કરતી પેઢીનો પર્દાફાશ થયો છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ કાર્યવાહી કરતા અધિકારીઓએ ભાવેશકુમાર અશોકભાઈ ચોખાવાલાની પેઢીને સીલ કરી દીધી છે. પ્રાથમિક તપાસમાં કોઈ કાયદેસર પરવાનગી વિના શંકાસ્પદ ઘીનો વ્યવસાય ચાલતો હોવાનું જાણવા મળ્યું હતું. વારંવાર જાણ કરવા છતાં પેઢીના જવાબદારો હાજર ન રહેતા જાહેર આરોગ્યના હિતમાં પેઢી સીલ કરવામાં આવી. ત્યારબાદ સરકારી પંચો અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની હાજરીમાં તપાસ હાથ ધરવામાં આવી, જેમાં મોટા પ્રમાણમાં શંકાસ્પદ ઘી, પામોલીન તેલ, લેબલ વગરના પ્રવાહી અને અન્ય એડલ્ટરન્ટ પદાર્થોનો સંગ્રહ મળી આવ્યો હતો.

# સુરતના ઉધના વિસ્તારમાં પુત્રના વિવાદમાં પિતાની નિર્મમ હત્યા : ત્રણ લોકો ઝબ્બે

સુરત,તા.૨૨

સુરતના ઉધના વિસ્તારમાં અંગત અદાવતને કારણે એક ચોંકાવનારી ઘટના બની છે, જ્યાં પુત્રના વિવાદમાં પિતાની નિર્મમ હત્યા કરવામાં આવી છે. મૃતક ધનરાજ તાવડે પર ત્રણ હુમલાખોરોએ ચપ્પુ જેવા તીક્ષ્ણ હથિયારથી હુમલો કરીને તેમની હત્યા કરી. આ ઘટના સમ્રાટ નગરમાં બની હતી, જ્યાં પરિવારના લોકો દોડી આવતા હત્યારાઓ ભાગી ગયા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ત્રણ આરોપીઓની અટકાયત કરી છે અને તપાસ



હાથ ધરી છે. વિગતો અનુસાર, ધનરાજ તાવડે તેમના ઘરમાં હતા ત્યારે ત્રણ વ્યક્તિઓએ અચાનક હુમલો કર્યો. હુમલાખોરોએ ચપ્પુના અનેક ઘા ઝીંકીને તેમને ગંભીર રીતે ઘાયલ કર્યા. ધનરાજને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા પરંતુ તબીબોએ મૃત જાહેર કર્યા હતા.


HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(1) સેલ્સ એક્ઝિક્યુટિવ (Girl) - 03
(2) હેલ્પર............................04
(3) મિકેનિક..........................03
રસ ધરાવતા વ્યક્તિઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ,
અમરેલી, Mo. 82005 00295, 8000230447
રીઝ્યુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો

